**સુવિચાર**
અન્ય કોઈની સૂચના વિના જરૂરિયાત જણાય ત્યારે કાર્ય ઉપાડી લેવું તેનું નામ નેતૃત્વ.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૦૭/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અષાઢ વદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૧૭૮

### ચોમાસાનાં દિવસોમાં ગૌવંશની હાલત અતિ દયનીય બની

# નંદીનું માથુ સાઈકલમાં ફસાઈ જતાં અફડાતફડી

**ખાંભાનાં બસ સ્ટેન્ડમાં સાઈકલમાં નંદીનું માથું ફસાઈ જતાં ગામજનો ભયભીત બન્યા**

**નંદી સાઈકલમાંથી માથું બહાર કાઢવા પ્રયત્ન કરતો હોય ગામજનોમાં નાસભાગ મચી**

**જીવદયા પ્રેમીઓએ ભારે જહેમત બાદ નંદીનાં માથાને સાઈકલમાંથી બહાર કાઢયું**

**ગૌ-વંશનાં નામે રાજકારણ બહુ થયું પરંતુ ગૌ-વંશ માટે સરકાર કોઈ વ્યવસ્થા કરતી નથી**



અમરેલી, તા. ૧૧

દેશમાં છેલ્લા એક દાયકાથી ગૌ–વંશની ચિંતા કરવાની ગુલબાંગો તો ફેંકવામાં આવી રહી છે. ગૌ–વંશનાં નામે રાજકારણ રમીને સત્તાની મલાઈ પણ મેળવી લેવામાં આવી રહી છે પરંતુ ગૌ–વંશની સુરક્ષા કરવામાં શાસકો કે રાજકીય પક્ષો પીછેહઠ કરતાં જોવા મળી રહ્યાં છે.

અમરેલી જિલ્લામાં છેલ્લા બે અઠવાડીયાથી સતત વરસાદી માહોલ હોવાથી ગાય અને નંદીને આમથી તેમ ભટકવું પડી રહ્યું છે. વરસાદનાં કારણે ખુલ્લા મેદાનમાં ગંદકીનો માહોલ ઉભો થતો હોય ગૌ–વંશને નાછુટકે જાહેર માર્ગો કે જાહેર સ્થળોએ આશરો લેવો પડે છે અને ત્યાં તેમની પરેશાની વધતી હોય છે.

ખાંભાનાં બસ સ્ટેન્ડમાં એક નંદીનું માથું સાયકલમાં ફસાઈ જતાં તેમાંથી છુટવા દોડાદોડી શરૂ કરતાં વેપારીઓ, મુસાફરો સહિત સૌ કોઈમાં ફફડાટ ફેલાયો પરંતુ જીવદયા પ્રેમી સાહસિક યુવકોએ મહા મુસીબતે નંદીનાં માથાને સાયકલની ચુંગાલમાંથી બહાર કાઢવામાં સફળતા મેળવી હતી.

### બાબરા નજીક આવેલ ફૂલઝર ગામે

## ૬૬ કેવી સબ સ્ટેશનમાં ખાનગી નોકરી કરતાં યુવકે આર્થિક સંકડામણથી આપઘાત કરી લીધો

**નોકરી ઉપર હતા ત્યારે ગળાફાંસો ખાઈ લેતા મોત**

અમરેલી, તા. ૧૧

ગોંડલ તાલુકાનાં માંડણકુંડણા ગામે રહેતા અને બાબરા તાલુકાનાં ફૂલઝર ગામે આવેલ ૬૬ કેવી સબ સ્ટેશનમાં ખાનગી નોકરી કરતાં કેવલ અરવિંદભાઈ કોચરા નામનાં ૨૨ વર્ષિય યુવકને ઘણા સમયથી આર્થિક સંકડામણ હોય. જેથી તેઓ કંટાળી જતાં તા. ૧૦નાં રોજ બપોરનાં સમયે ૬૬ કેવી સબ સ્ટેશનમાં જ આવેલ લોખંડનાં ઝુલાનાં આડા પોલ સાથે દોરડું બાંધી પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતા તેમનું મોત નિપજયાનું બાબરા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### બગસરા નજીક આવેલ

## હામાપુર ગામ પાસે બેલા ભરેલ ટ્રક પલટી જતાં ૧ શ્રમિકનું મોત : ૨ ઘાયલ

**ટ્રક નં. જી.જે.–૩ બીવી ૫૫૮૨ નાં ચાલક સામે ફરિયાદ**

અમરેલી, તા. ૧૧

રાજકોટ નજીક આવેલ શાપર ગામે રહેતા અને ડાઈવીંગ કરતાં હરેશભાઈ માનસીંગભાઈ મેડા નામનાં ઈસમે પોતાના હવાલાવાળા ટ્રક નં. જી.જે.–૩ બીવી ૫૫૮૨ માં વાંકાનેર તાલુકાના પાળધરા ગામેથી બેલા ભરી અને ધારી નજીક આવેલ રામપરા ગામે જતાં હોય. ત્યારે બગસરા તાલુકાનાં હામાપુર ગામ પાસેથી પસાર થતાં હતા ત્યારે ટ્રક ચાલકે સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી દેતા ટ્રકમાં બેસેલ રાજુભાઈ ગોરધનભાઈ વાંકલાને ગંભીર ઈજાઓ થતાં મોત નિપજયું હતું જયારે અન્ય બે શ્રમિક સંજયભાઈ સેગાભાઈ પરમાર સહિત બે લોકોને નાની–મોટી ઈજાઓ થતાં સારવાર માટે દવાખાને ખસેડવામાં આવ્યા હતા.

### મેઘાએ મન મુકીને હેત વરસાવતા

## દામનગર નજીક આવેલ મેથળી ગામનું તળાવ છલોછલ થતા ગામજનો ખુશ

**પાણી ભરાવાથી તળાવની સુંદરતામાં વધારો**




દામનગર, તા. ૧૧

અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી મેઘરાજા હેત વરસાવતા હોય, મોટા જળાશયો, તળાવો, ચેકડેમો અને ખેત તલાવડીઓમા નવા નીરથી

અનુસંધાન પાના ૬ ઉપર

### શહેર કોંગ્રેસનાં પ્રમુખ સંદિપ પંડયાએ પ્રધાનમંત્રી મોદી પાસે જવાનો કર્યો નિર્ણય

## અમરેલીની સિવિલ હોસ્પિટલનાં કથિત અંધાપાકાંડનો ભોગ બનનારને નવી દિલ્હી દરબારમાં લઈ જવાશે

**છેલ્લા ૮ મહિનાથી ભોગ બનનાર ન્યાય માટે ભટકી રહ્યાં છે**

અમરેલી, તા. ૧૧

ગુજરાતમાં બહુ ચર્ચિત એવા અમરેલી શાંતાબા ગજેરા ટ્રસ્ટ સંચાલિત અમરેલી જનરલ સિવિલ હોસ્પિટલમાં થોડા સમય પહેલા ઘણા વ્યકિતઓનાં જે આંખનાં મોતિયાનાં ઓપરેશન કરવામાં આવ્યા હતા. જેમાં ઘણા વ્યકિતઓને પોતાની આંખ ગુમાવવાનો વારો આવ્યો હતો. પરિણામે તે વ્યકિતઓને આજીવન અંધાપો આવ્યો છે. ત્યારે અમરેલી શહેર કોંગ્રેસ પ્રમુખ અને એડવોકેટ સંદિપ પંડયા દ્વારા આ લોકોને ન્યાય મળે તે માટે હવે એક છેલ્લું આશાનું કિરણ ભારત દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી પાસે આ અંધાપાકાંડમાં ભોગ બનેલા પીડિતોને એકત્રિત કરી દિલ્હીનાં દરબારમાં લઈ જઈ પ્રધાનમંત્રી સમક્ષ ન્યાય માંગવામાં આવશે.

પહેલા રાજાશાહીમાં લોકો ન્યાયની અપેક્ષા રાજા પાસે રાખતા જનતાએ રાજાને માય બાપ ગણતી ને વિશ્વાસ રાખતી કે ન્યાય મળશે જ. અત્યારે ભારતદેશમાં લોકશાહી શાસન છે લોકશાહીમાં પ્રધાનમંત્રી આ દેશના રાજા છે ને આ પીડિત જનતા આ દેશનાં માઈ બાપ પાસે ન્યાય માંગવાનો અધિકાર છે ને આ અધિકાર મુજબ ન્યાય માંગશે. તેમ અંતમાં જણાવેલ છે.

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
દુનિયા તમને એ સમય સુધી ક્યારેય હરાવી નથી શકતી, જ્યાં સુધી તમે ખુદ તમારાથી હારી ના જાઓ...
લાઈવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

### નવા માર્કેટયાર્ડ નજીકની ઘટના

## અમરેલીનાં સાવરકુંડલા માર્ગ ઉપરથી ચોરીની રેતી ભરેલ ટ્રેકટર ઝડપાયું

**પોલીસે એક વ્યકિતની પણ કરી અટકાયત**

અમરેલી, તા. ૧૧

અમરેલીનાં રોકડીયાપરા વિસ્તારમાં રહેતા જયેશભાઈ નાનજીભાઈ દેગામા નામનાં ટ્રેકટર ચાલક પોતાના હવાલાવાળા ટ્રેકટર નં. જી.જે.–૧૪ બીડી ૯૧૦માં વગર પાસ પરમીટે, રોયલ્ટી કે લીઝ વગરની ભરીને અમરેલી નજીક આવેલ નવા માર્કેટયાર્ડ પાસેથી પસાર થતાં હોય. ત્યારે અમરેલી તાલુકા પોલીસે તેમને રેતી, ટ્રેકટર સહિત રૂા. ૪,૫૧,૦૦૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

નંદભુવન સોસાયટી
ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે
સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે
સુચિત "રીવરફ્રન્ટ પ્રોજેકટની સાવ નજીક"
તૈયાર કબ્જો
૯૦ વારથી વધુના પ્લોટો
ફકત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે
બુકીંગ માટે સંપર્ક
મો. ૮૩૫૬૮ ૪૯૧૯૩ ■ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ■ પ્રસુતિ પછીની તપાસ (PNC) ■ નોર્મલ ડીલેવરી ■ સીઝેરીયન ડીલેવરી ■ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ■ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ■ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ■ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ■ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ■ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ■ IUI ફેસીલીટી ■ IVF માટે સલાહ.

# સા.કુંડલામાં ગટરનાં નાળામાં નંદી ફસાતા જીવદયા પ્રેમીઓ મદદે

સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલા ખાતે આવેલ હાથસણી રોડ ખોડીયાર ચોક પાસે ગટરના નાળામાં એક નંદી ફસાઈ ગઈ હતી. સ્થળ ઉપર ત્યાં જયેશભાઈ કાણકીયા હતા તેને તાત્કાલિક સૂઝબુઝથી અન્ય લોકોને સાથે રાખી રસ્સીથી એ નંદીને નાળામાંથી બહાર કાઢી તેનો જીવ બચાવ્યો અને જાણે કે નંદીની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી અને કૃતજ્ઞતાના ભાવથી આભાર માનવા લાગી. આ કાર્યમાં પતંજલિ યોગ સમિતિના અધ્યક્ષ જયેશભાઈ કાણકીયા, જયદીપભાઈ ઝાલા, ચંદ્રેશભાઈ તથા તુષારભાઈ જાદવ (દેવ)ની મદદથી નંદીનું રેસ્ક્યું થયું. આ ઘટના સમયે ત્યાંના સ્થાનિક લોકોનો કહેવું છે કે ઘણા સમયથી નગરપાલિકાવાળા આ નાળા ઉપર જાળી કે ઉપર પથ્થર મુકેલ નથી. જેથી અનેક વાહનો રાહદારીઓ તથા



માલઢોર નાળામાં ફસાઈ જાય છે. મોટી જાનહાની ન થાય તે માટે નગર પાલિકાના સત્તાધિશોએ ત્યાં તાત્કાલિક જાળી મુકાવી જોઈએ તેવી ચર્ચા થતી હતી.ચોમાસાનો સમય હોય વરસાદ પડે એટલે પાણી વહે એ પણ સ્વાભાવિક છે. પરંતુ થોડી સતર્કતા લોકોને હાડમારીથી બચાવી પણ શકે છે.

### કોંગ્રેસનાં વિદ્યાર્થી અને યુવા પાંખનો આક્ષેપ

# બી.એસ.સી. નર્સિંગની ચોથા વર્ષની પરીક્ષામાં માનીતા વિદ્યાર્થીઓને પાસ કરવાનું કૌભાંડ

## કુલપતીએ તટસ્થ તપાસ કરવાની બાંહેધરી આપી

અમરેલી, તા. ૧૧

આજરોજ એન.એસ.યુ.આઈ. અને યુથ કોંગ્રેસ દ્વારા પેપરમાં પાસ કરાવવાનું કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. ગુજરાત યુનિવર્સિટીનાં બોટની વિભાગમાં પેપર એસેસમેન્ટ વિભાગમાં વહેલી સવારે ૭ વાગે પહોંચી પરીક્ષા નિયામક અને રજીસ્ટ્રાર તેમજ કુલપિતની હાજરીમાં તપાસ કરાવવામાં આવી હતી કે બી.એસ.સી. નર્સિંગનાં ચોથા વર્ષની ચાલી રહેલી પરીક્ષા જે પેપરનું નામ મિડવાઈફરી એન્ડ ઓબ્સ્ટેરીકલ નર્સિંગ કે જે ગઈકાલે એટલે તારીખ ૧૦/૦૭/૨૦૨૩ નાં રોજ સમય બપોરે ૦૩ થી સાંજે ૦૬ વાગ્યા દરમ્યાન ગુજરાત યુનિવર્સિટીનાં વિવિધ પરીક્ષા સેન્ટરો યોજાઈ એ પછી જેની ઉત્તરવહીઓ યુનિવર્સિટીનાં બોટની વિભાગમાં પેપર એસેસમેન્ટ માટે જમા કરવામાં આવ્યા તે પછી એ વિભાગમાંથી રાતો–રાત યુનિવર્સિટીમાંથી મળતીયાઓ દ્વારા જે વિદ્યાર્થીઓ પાસેથી પાસ કરાવવાના રૂપિયા લીધા છે. તે વિદ્યાર્થીઓની ઉત્તરવહી વિભાગમાંથી ઉઠાવી વિદ્યાર્થીઓને રાતે લખવા ઘરે આપવામાં આવી જેની જાણ એન.એસ.યુ.આઈ. અને યુથ કોંગ્રેસના આગેવાનોને થતા આખી ઘટના સામે આવી હતી. જેમાં પેપર ૧ માં ૧૪ અને પેપર ૨ માં ૧૪ એમ કુલ બંને પેપરનાં સમાન ૧૪ વિદ્યાર્થીઓના નામ સામે આવ્યા હતા. હંમેશા જયાં પેપર એસેસમેન્ટ થાય ત્યાં સી.સી.ટી.વી. ફરિજયાત હોવા જોઈએ પણ પૂર્વ આયોજિત કાવતરું અને ગુનો હોવાથી તમામ કેમેરા પણ બંધ રાખવામાં આવ્યા હતા. જેની જાણ બોટની વિભાગના વડાએ યુનિવર્સિટીના



સત્તાધિશોને જાણ કરી હતી કે અમારા વિભાગમાં સીસીટીવી કેમેરા બંધ છે તેથી ચાલુ કરવા માટે જાણ કરી હતી.

સમગ્ર કૌભાંડને લઈને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સિમિતના કાર્યકારી પ્રમુખ ડો. ઈન્દ્રવિજયસિંહ ગોહિલની અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સિમિતીનાં મુખ્ય પ્રવકતા ડો. મનીષભાઈ દોશીની આગેવાની હેઠળ એન.એસ.યુ.આઈ. અને યુથ કોંગ્રેસના આગેવાનો સાથે ઉગ્ર વિરોધ સાથે કુલપિતીને ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી. રજુઆત કરતા જણાવ્યું હતું કે, કોના કહેવાથી આ કૌભાંડ ચલાવવામાં આવી રહ્યું છે ? કેટલા સમયથી ચાલે છે ? કઈ કઈ પરીક્ષાઓમાં આવા કૌભાંડ થાય છે ? તેની વહીવટી તપાસની માંગણી કરી હતી. નાની માછલીને ટાર્ગેટ કર્યા વગર મોટા માથાઓ કે જે સરકારનાં માણસો આમાં સંડોવાયેલા છે ? શું આ કૌભાંડનાં તાર ગાંધીનગર મંત્રાલય સુધી અડે છે.

શું આવી બધી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓ પાસેથી લાખો રૂપિયા લઈને પાસ કરવામાં આવે છે ? આ ઘટનામાં સામેલ તમામ ચમરબંધીઓ સામે કડક પગલાં લેવામાં આવે તેમજ એફ.આઈ.આર. કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી કરી છે અને આ ઘટનામાં સામેલ તમામ અધિકારીઓને તાત્કાલિક ધોરણે દિવસ ત્રણમાં સસ્પેન્ડ કરવાની માંગણી કરવામાં આવી હતી અને જો કોઈ પગલાં લેવામાં નહી આવે તો એન.એસ.યુ.આઈ. અને યુથ કોંગ્રેસ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

### ખોડલધામનાં પ્રણેતા નરેશભાઈ પટેલનાં જન્મ દિવસે


# બાબરા ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું

## મોટી સંખ્યામાં રકતદાતાઓએ રકતનું દાન કર્યુ

બાબરા, તા. ૧૧

બાબરામાં ખોડલધામના ટ્રસ્ટના પ્રણેતા અગ્રણી પ્રમુખ નરેશભાઈ પટેલના જન્મ દિવસ પર સમગ્ર રાજયમાં ખોડલધામ ટ્રસ્ટના નેજા હેઠળ શહેર અને તાલુકા ખોડલધામ સમિતીઓ દ્વારા સદ્જયોતા ચેરીટેબલ ટ્રસ્ટના સયુંકત ઉપક્રમે મહા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

અહીં વી.એલ. ગેલાણી વિધાયલમાં આયોજિત રકતદાન કેમ્પમાં મોટી સંખ્યામાં રકતદાતાઓ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

દ્વારા રકતનું દાન કરવામાં આવ્યું હતું.

અહીં ખોડલધામ બાબરાના અગ્રણી અશોકભાઈ રાખોળિયા, મગનભાઈ કોઠીયા, હિતેશભાઈ કલકાની, મહેશભાઈ ભાયાણી, કાળુભાઈ ગેલાણી સહિતના સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ખોડલધામ સમિતિ દ્વારા સેવા કાર્ય

# સાવરકુંડલા ખાતે ખોડલધામ ટ્રસ્ટનાં ચેરમેન નરેશ પટેલનાં જન્મદિને રકતદાન કેમ્પ યોજાયો

## ૧૦૧ બોટલ રકત એકત્ર કરવામાં આવ્યું



સાવરકુંડલા, તા. ૧૧

શ્રી ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન અને લેઉવા પટેલ સમાજનું રત્ન જેણે સમાજને ભકિતના કાજે શકિતના રૂપે સંગઠિત કરી સમાજને એક નવી દિશા તરફ લઈ જનાર સમાજ શ્રેષ્ઠી નરેશભાઈ પટેલનો ૫૮મો જન્મ દિવસ હોય. સાવરકુંડલા ખોડલધામ સમિતિ દ્વારા આજરોજ નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિતે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં દિપપ્રાગટ્ય પુ.શ્રી લવજીબાપુ ખોડલધામ મંદિર નેસડી, ભકિતરામબાપુ માનવ મંદિર સાવરકુંડલા, ડી.વાય.એસ.પી વોરા દ્વારા કરીને આ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ અને આ રકતદાન કેમ્પ શ્રી યોગેર ડાયમંડ નેસડી રોડ સાવરકુંડલા ખાતે આયોજન કરવામા આવેલ. જેના અનુસંધાને ૧૦૧ બોટલ રકત એકત્રિકરણ કરવામાં આવેલ. જેમાં સહયોગી શાંતાબા મેડિકલ કોલેજ અમરેલી દ્વારા રકતદાન સ્વીકારવામાં આવેલ અને જેમાં સાવરકુંડલાની અન્ય સહયોગી સંસ્થા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તેમજ લાયન્સ કૂલબ, શ્રી ખોડલધામ સમિતિ સાવરકુંડલા દ્વારા આ રકતદાન કેમ્પને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

### પ્રાચીન મંદિર, વાવ, વૃધ્ધાશ્રમ, શાળાઓ, આઈ.ટી.આઈ, આશ્રમો હોવાથી

# સાવરકુંડલાના ગીરધરવાવ ખાતે એસ.ટી. તંત્ર દ્વારા કાયમી બસ સ્ટોપ આપવામાં આવ્યો

## અવરજવર કરતા મુસાફરોમાં ખુશીનો માહોલ

સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલા શહેરથી પાંચ કિલોમીટર દૂર આવેલ ગીધરવાવ વિસ્તારમાં જયાં ધાર્મિક સ્થળ અને અતિ પ્રાચીન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ હોય તેમજ શૈક્ષણિક સંસ્થાઓ પણ આવેલી હોય અને મજૂર વર્ગ પણ આજુબાજુના વિસ્તારમાં રહેતો હોય તેથી સાવરકુંડલા શહેર તરફ આવવા અને જવા માટે આ વિસ્તારના લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો ત્યારે તેવા સંજોગોની અંદર સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાને લોકોને પડતી મુશ્કેલી બાબતે જાણ થતા તેમને અમરેલી વિભાગીય એસ.ટી. નિયામક સમક્ષ આ બાબતે રજૂઆત કરીને ગીધરવાવને કાયમી બસ સ્ટોપ આપવાની રજૂઆત કરતા એસ.ટી. વિભાગ દ્વારા ગિરધરવાવને કાયમી સ્ટોપની માંગણી સ્વીકારી લેતા વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓ મજૂરો અને રહીશોમાં આનંદની લાગણી છવાયેલ ગયેલ.

ગીરધરવાવને એસ.ટી. સ્ટોપ મળતા આસપાસ બેટીયાવાસ, બ્રહ્મસમાજ, સરાણીયા સમાજના નેસડા ઉપરાંત આસપાસના વિસ્તારમાં રહેતા રહિશો અને ગીરધરવાવ ખાતે આવેલ પ્રાચીન વાવ, સોમનાથ મહાદેવ મંદિર, સરસ્વતી વિધા સ્કૂલ, સેન્ટ થોમ્સ સ્કૂલ, ચમેલીગીરી બાપુ આશ્રમ, રાજધાની હોટલ, અને આઈ.ટી.આઈ. ખાતે અવરજવર કરતા વિદ્યાર્થીઓ, વાલીઓ તથા દર્શનાર્થીઓ એસ.ટી.માં મુસાફરી કરી શકશે.

# ચલાલામાં આંખના ચેપી રોગે દેખા દીધી : આરોગ્ય વિભાગ ધ્યાન આપે



સાવરકુંડલા, તા. ૧૧

ચલાલા ગામે પણ આંખનો કન્ઝકટિવાઈટીસ તરીકે ઓળખાતો લોકો તેને વ્યંગમાં અંખિયા મિલાકે રોગ પણ કહે છે તેણે ચલાલા ગામે પણ દેખા દીધાં સાવરકુંડલાના વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધીના લઘુબંધુ મુકેશભાઈ પાંધીનો સમગ્ર પરિવાર આ અંખિયા મિલાકે રોગની ઝપેટમાં આવી ગયો છે. આમ ગણીએ તો આ કન્ઝકટિવાટીસ નામનો આંખનો રોગ ખૂબ ચેપી જણાય છે.

આ રોગથી બચવા માટે જયારે પણ બહાર નીકળો ત્યારે ચશ્મા પહેરીને નીકળવું અને આવા રોગની ઝપેટમાં આવેલ સદસ્યોનાં રૂમાલ ટુવાલ અલગ રાખવા. ડોકટરની ખાસ કરીને તો આંખના તબીબની સલાહ લેવી જો કે ચલાલા જેવા નાના શહેરોમાં આંખના તબીબ કદાચ ઉપલબ્ધ ન હોય તો શહેરમાં મેડિકલ પ્રેકિટસ કરતાં તબીબનો સંપર્ક કરી યોગ્ય માર્ગદર્શન અને સારવાર કરાવવી હિતાવહ છે. જો કે આ રોગને લપળો પણ કહે છે એટલે સાવધાની એ જ આ રોગથી બચવાની ચાવી ગણાય.

આ દર્દમાં દર્દીની આંખ લાલચોળ થઈ જાય છે. આંખમાંથી પાણી આવે છે અને આંખમાં ખટકા પણ આવે છે. તબીબી સલાહ મુજબ આંખનાં ટીપાંનો ઉપયોગ કરી આંખને આ સમય દરમિયાન ઓછા પ્રકાશમાં રાખવી હિતાવહ છે ખાસ કરીને શાળાએ જતાં બાળકોએ આ સંદર્ભે સાવચેતી રાખવી જરૂરી છે.

સમગ્ર પરિવાર જયારે આવાં ચેપી દર્દનાં સકંજામાં આવી જાય ત્યારે કોણ કોનું કરે એ યક્ષપ્રશ્ન ?

ખાસ કરીને ચોમાસાના વાતાવરણમાં મચ્છરજન્ય રોગોનો ઉપદ્રવ પણ વધી શકે છે. આરોગ્ય વિભાગ જેટલી સતર્કતા રાખે અને લોકજાગૃતિ માટે પ્રયાસ કરે તો ઘણાં દર્દોથી બચી શકાય છે.

### ગીરગડાનાં કોઠારીયા રાઉન્ડની

# ચીખલકુબા–૧ બીટમાં અભ્યારણ્ય વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવેશ કરી વૃક્ષ કટિંગ ઝડપાયું

## વન વિભાગે નિયમાનુસાર કાર્યવાહી શરૂ કરી

ઉના, તા. ૧૧

તુલસીશ્યામ રેન્જના કાર્યક્ષેત્ર વિસ્તારમાં નાયબ વન સંરક્ષક ગીર (પુર્વ) વન વિભાગ ધારી આર.જે.ઝાલાની સુચનાથી મદદનીશ વન સંરક્ષક ઉના એમ.આર.ઓડેદર તથા મદદનીશ વન સંરક્ષક ધારી એસ.આર.ત્રીવેદીના માર્ગદર્શન હેઠળ રેન્જ ફોરેસ્ટ ઓફિસર તુલસીશ્યામ આર.ડી.પાઠક તેમજ રેન્જ ફોરેસ્ટ ઓફિસર હડાળા વાય.પી.ચાવડા તેમજ રેન્જ ફોરેસ્ટ ઓફીસર મોબાઈલ સ્કોડ ખાંભા કે.કે.મેમકીયા હડાળા રેન્જના સ્ટાફ અને જસાધાર રેન્જના સ્ટાફ દ્વારા સંયુકત રીતે સ્પેશ્યલ ડ્રાઈવ કોમ્બીંગ ઓપરેશન કરવામાં આવેલ તે દરમ્યાન કોઠારીયા રાઉન્ડની ચીખલકુબા–૧ બીટના ચીખલકુબા સેટલમેન્ટ ગામના સર્વે નંબર. ૮ વાળી જમીનની બહારના ભાગે અભ્યારણ્ય વિસ્તારમાં ગેરકાયદે પ્રવેશ કરી વૃક્ષ કપાણ કરી અભ્યારણ્ય વિસ્તારમાં દબાણ કરી તે જમીનમાં આંબાના વૃક્ષનું વાવેતર કરવામાં આવેલ તથા ગેરકાયદેસર વીજ જોડાણ લેવામાં આવેલ તથા જટકા મશીનના તાર બાંધી વાડીના રહેણાંક મકાનમાંથી સડેલા ગોળના પાણીના ૪૯ ડબ્બા મળી આવેલ. આ ગુનામાં (૧) રવજી શામજી પાટડીયા રહે.વ ડલી તા. ગીરગઢડા, જી. ગીર સોમનાથ વાળાને



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

પકડી પાડી ગીર ગઢડા પોલીસને સોંપવામાં આવેલ હતા. બાદ અભ્યારણ્ય વિસ્તારમાં ગેરકાયદેસર અપપ્રવેશ કરી લાકડા કપાણ કરવામાં આવેલ. તથા ફોરેસ્ટ સેટલમેન્ટની બાજુના અભ્યારણ્ય વિસ્તારમાં વૃક્ષ કાપી સાફ સફાઈ કરી ગેરકાયદેસર રીતે દબાણ કરવામાં આવેલ. તેમજ ગેરકાયદેસર રીતે વીજ જોડાણ લેવામાં આવેલ. જેથી ગીર ગઢડા પોલીસ દ્વારા જરૂરી કાર્યવાહી કરી આ ઈસમને અત્રેને સોંપવામાં આવેલ. બાદ રવજી શામજી પાટડીયા સામે વન્યપ્રાણી સંરક્ષણ ધારા ૧૯૭૨ ની કલમ ૨૭(૧), ૨૭(૩), ૩૨, ૫૦, ૫૧ અને ૫૨ અન્વયે ગુન્હો દાખલ કરી ગીર ગઢડા કોર્ટ હવાલે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# ખાંભા : છેલ્લા ૮ વર્ષથી નાસતા ફરતા આરોપીની અટકાયત

## ઉનાનાં શીલોજ ખાતેથી દબોચી લેવાયા

અમરેલી, તા. ૧૧

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા અમરેલી જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓ પકડવા સારૂ તેમજ રજામાંથી ફરાર થયેલ કેદીઓને પકડવા સારૂ ખાસ ડ્રાઈવ રાખી જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વોરા સા.કુંડલા વિભાગનાં તેમજ સર્કલ પો.ઈન્સ. જે.જે. ચૌધરીએ જરૂરી માહિતી માર્ગદર્શન આપેલ જે અન્વયે ખાંભા પોલીસ સ્ટેશનનાં પોલીસ સબ ઈન્સપેકટર એમ.ડી. ગોહિલની રાહબરી હેઠળ ખાંભા પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા, તે દરમ્યાન મળેલ માહિતી હકીકત આધારે છેલ્લા આઠેક વર્ષથી પ્રોહીબીશનનાં ગુન્હામાં નાસતા ફરતા આરોપી કેશુભાઈ દાનાભાઈ ચારણીયા ઉ.વ. ૩૪ ધંધો મજુરી રહે. શીલોજ તા. ઉનાને શીલોજ તા.ઉના મુકામેથી પકડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ કામગીરી ખાંભા પો. સ્ટે.નાં પો.સબ.ઈન્સ. એમ.ડી. ગોહિલની



સુચના અને માર્ગદર્શન હેઠળ ખાંભા પો.સ્ટે.નાં હેડ કોન્સ. નાગજીભાઈ પી. સોલંકી તથા પો. કોન્સ. કુમેશભાઈ બી. શીયાળ, પો.કોન્સ મનિષભાઈ સી. ઝાલા તથા પો.કોન્સ. ભવદીપભાઈ દેવકુભાઈ વાળાએ કરેલ છે.

### આડેધડ રીતે માર્ગ ખોદી નખાતા પરેશાની

# લીલીયામોટામાં ''નલ સે જલ'' યોજના કાર્યરત કરવામાં નિયમોનો ઉલાળીયો

લીલીયા, તા. ૧૧

લીલીયામા ઘણા સમયથી જાણે દુવિધા વધી હોય તેમ જોવા મળી રહ્યું છે. અહી પાણી પુરવઠા બોર્ડ દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે નલ સે જલ યોજના અંતર્ગત પાણીની પાઈપ લાઈન બિછાવવાની કામગીરી ચાલી રહી છે. પરંતુ આડેધડ રસ્તાના ખોદકામના કારણે હાલ વરસાદ પડતા ચોતરફ કાદવ કિચડ જોવા મળી રહ્યું છે.

શહેરમાં મોટાભાગના વિસ્તારમા રસ્તા જેસીબીથી ખોદી નવામાં આવ્યા છે. કરોડો રૂપિયાના ખર્ચે વિવિધ સરકારી ગ્રાંટમાંથી બનાવવામાં આવેલ સીસી રોડ, પેવર બ્લોકને મોટુ નુકશાન થયુ છે. હાલ આડેધડ ખોદકામના કારણે વરસાદ પડતાની સાથે કાદવ, કિચડનુ સામ્રાજય ખડુ થયુ છે. બે ત્રણ માસથી



મેઈન પાઈપ લાઈન બિછાવવાની કામગીરી પુર્ણ થઈ ગઈ હોવા છતા હજુ હાઉસ નળ કનેકશન આપવાના કોઈ ઠેકાણા નથી. અહી હાઉસ નળ કનેકશન પાણી પુરવઠા બોર્ડ, વાસ્મો યોજના કે ગ્રામ પંચાયત કોણ આપશે તે આજદિન સુધી નક્કી નથી. હાલ તો ચોમાસામાં અહી કાદવ કિચડ જામતા રાહદારીઓ અને વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અહી ઠેરઠેર પાઈપ લાઈન નાખવા માટે આડેધડ ખોદકામ કરી નાખવામાં આવ્યું છે. બાદમાં માટીનું પુરાણ ન કરાતા અને વરસાદ પડતા અનેક શેરીઓમા આ સ્થિતિ જોવા મળી રહી છે. જેના કારણે લોકો મુશ્કેલીમાં મુકાયા છે, તેમ ઈમરાન પઠાણની યાદી માં જણાવેલ છે.

## ગુજરાત વિધાનસભાનાં કોંગી નેતા અમિત ચાવડાએ ભાજપ સરકાર પર કર્યુ દોષારોપણ

# રાજયમાં અંદાજિત પાંચ કરોડ ચો.મી. ગૌચર જમીન ઉપર દબાણ

### ભાજપની ડબલ એન્જિન સરકારમાં ડબલ ગતિએ ભ્રષ્ટાચાર વિકાસ પામતો હોવાનો કર્યો આક્ષેપ

### અધિકારીઓ, પોલીસ અને સરકારની મિલીભગતથી જમીનો નામે કરવા, કબ્જો લેવા, હડપ કરવાનું નેટવર્ક

### જમીન માપણી, રી-સર્વેનાં ગોટાળા, ગૌચરની જમીન પર માથાભારે શખ્સોનો કબ્જો ને સરકાર સાંભળતી નથી

### ઓગષ્ટનાં પ્રથમ અઠવાડીયે ગાંધીનગર ખાતે કોંગ્રેસ પક્ષ યોજશે જનમંચ

અમદાવાદ, તા. ૧૧

આજે ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષનાં નેતા અમિતભાઈ ચાવડાએ પ્રેસ વાર્તા અંતર્ગત જમીન માપણીનાં ગોટાળા, રી-સર્વેમાં થતો ભ્રષ્ટાચાર, નેતાઓ, અધિકારીઓ અને મળતીયાઓ ધ્વારા પચાવી પાડવામાં આવતી જમીનો ઉપર આ ડબલ એન્જિનની ભ્રષ્ટાચારી સરકારને આડે હાથ લેતા વેધક સવાલો પૂછયા. સાથેસાથે સરકાર જનતાને અને ખેડૂતોને જવાબ આપે તેવી માંગણી કરી.

સમગ્ર ગુજરાતમાં કોંગ્રેસ પક્ષ તરફથી જનમંચ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. દરેક જિલ્લાઓમાંથી ખેડૂતો ધ્વારા અનેક ફરિયાદો મળી છે. જે રજૂઆતો મળી છે એ જોતા એટલું સ્પષ્ટ છે કે આ ડબલ એન્જિન સરકારમાં ડબલ ગતિથી વધતા ભ્રષ્ટાચારમાં જો સરકારમાં ભ્રષ્ટાચાર માટે નંબર આપવાનો થાય તો મુખ્યમંત્રીના હસ્તકનું વિભાગ એટલે મહેસુલ વિભાગને પહેલો નંબર આપવો પડે. વારસાઈની નોંધથી લઈને જમીનના રિ-સર્વે સુધીની તમામ મહેસૂલની કામગીરીમાં દિન પ્રતિદિન ભ્રષ્ટાચાર ડબલ ગતિથી વધી રહ્યો છે અને એટલા જ માટે પ્રજા તરફથી વારંવારની રજૂઆતો-ફરિયાદો-આંદોલનો-લડતો છતાં સરકારના પેટનું પાણી પણ હલતું નથી.

લગભગ ૨૦૧૧-૧૨ થી રી-સર્વેની કામગીરી ગુજરાતમાં શરૂ કરવામાં આવી. ભાજપનાં નેતાઓની સીધી સંડોવણી ધ્વારા તેમના આર્થિક હિતો સચવાય તે રીતે એજન્સીની પસંદગી કરવામાં આવી. ખોટી ભુલ ભરેલી આ જીમન માપણીની અનેક ફરિયાદો થઈ છતાં એજન્સીઓની તરફેણ કરીને એમને મોટી રકમ પણ ચૂકવવામાં આવી.

રી-સર્વેની વાત કરીએ તો ગુજરાતમાં જયારે ૨૦૧૦-૧૧ માં જમીન માપણીની શરૂઆત કરવામાં આવી ત્યારે પાયલોટ પ્રોજેકટ તરીકે જામનગર અને બનાસકાંઠા જિલ્લામાં શરૂઆત કરવામાં આવી હતી. જેના નિયમો, ગાઈડલાઈનની અનદેખી કરવામાં આવતી હતી અને એટલા જ માટે કોંગ્રેસ પક્ષ તરફથી વિધાનસભાથી શરૂ કરીને ગ્રાઉન્ડ લેવલ સુધી દરેક જગ્યાએ સતત લડત લડવામાં આવી કે આ ભૂલ ભરેલી માપણી થઈ રહી છે અને ખેડૂતોનું આર્થિક નુકસાન થઈ રહ્યું છે.

૨૦૧૮માં ખૂબ વિરોધ થયો ત્યારે આ સરકારે જમીન માપણી રદ કરવાની જાહેરાત કરી અને ત્યારે લગભગ ૧૨ હજાર ગામમાં પ્રમોલગેશનની કામગીરી પહોંચી હતી ત્યારે જમીન માપણી સ્થગીત કરી હતી અને ત્યારપછી વ્યાપક ફરિયાદોના નિકાલ માટે ચાર મિનિસ્ટરોની કમિટી બનાવવામાં આવી. જામનગર અને દ્વારકા જિલ્લાના બે ગામો સાપર અને પીપળની પસંદગી કરવામાં આવી, આજ દિન સુધી આ કમિટીએ શું કર્યુ ? શું તપાસ કરી એનો રિપોર્ટ જાહેર કરવામાં નથી આવત,ો આ કમિટીએ તપાસ કરેલા રિપોર્ટમાં સાબિત થઈ ચુકયું છે કે મોટા પ્રમાણમાં ગેરરીતિઓ થઈ છે. અમિતભાઈ ચાવડાએ સરકાર જોડે માંગણી કરી કે આવતા એક અઠવાડિયાની અંદર રિપોર્ટ જાહેર કરો અન્યથા માહિતી અધિકારમાં અમારી પાસે રિપોર્ટને લગતી જે વિગતો છે એને અમે આવતા અઠવાડિયાથી જાહેરાત કરવાની શરૂઆત કરીશું.

જમીન માપણીની કચેરીઓમાં મોટા પ્રમાણમાં ગેરરીતિ થઈ છે, માથાભારે લોકો અને ભાજપનાં મળતીયાઓ ધ્વારા આ રી-સર્વેની કામગીરી ધ્વારા હાલમાં મોટા પ્રમાણમાં સરકારી જમીન ઉપર કબ્જો લેવામાં આવી રહ્યો છે. આખા ગુજરાતમાં દરેક જિલ્લામાં સરકારી ગૌચર ઓછું થયું છે. સરકારી પડતર ખરાબાની જમીન ઓછી થઈ છે. સાથે સાથે જે સરકારી જમીનો ઓછી થાય કા તો બીજાના નામે ટ્રાન્સફર કરવાની થાય તો ૩૭(૨) મુજબ ડેપ્યુટી કલેકટરે એ અંગેનો કેસ ચલાવવાનો હોય, કાર્યવાહી કરવાની હોય, કલેકટરની મંજૂરી લેવાની હોય પણ એવું કંઈ પણ થતું નથી. આજે વ્યાપક પ્રમાણમાં રી-સર્વેના નામે ખાનગી લોકો ધ્વારા જમીન ઉપર કબ્જો લેવામાં આવી રહ્યો છે ત્યારે એ વિષયમાં વારંવાર રજૂઆતો કરી ફરિયાદો કરી પણ સરકાર સાંભળતી નથી ત્યારે આવનારા દિવસોમાં એના માટેની લડત અને સુનવાઈ કોંગ્રેસ પક્ષ કરશે.

ગાયના નામે મત તો લીધા, હિન્દુત્વના નામે રાજકારણ તો કર્યુ પણ ત્રણ દાયકાથી આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં જે ગૌચરની જમીનો ઓછી થઈ રહી છે, ઉદ્યોગપતિઓને પધરાવવામાં આવી રહી છે એમના મળતીયાઓ ધ્વારા કબ્જા કરવામાં આવી રહ્યા છે એના કારણે ગાયના મોઢામાંથી ચારો છીનવવાનું કામ આ ભાજપની સરકારના રાજમાં થઈ રહ્યુંછે. ૧૦૦ ગાય હોય તો એના માટે ૪૦ એકર ગૌચર હોવું જોઈએ પણ ત્રણ દાયકાના ભાજપના શાસનમાં સ્થિતિ એવી થઈ કે ૧૮૦૦૦માંથી લગભગ ૯૦૦૦ ગામોમાં તો ગૌચર નિયમ કરતા હોછું છે અને ૩૦૦૦ ગામમાં તો ગૌચર જ નથી તો ગાયો કે પશુઓ ચરવા જાય કયા. ગુજરાતમાં ગૌચરની જમીન ઉપર દબાણો છે એને તોડવાની હિંમત આ સરકારમાં નથી કારણ કે એમના મળતીયાઓ ધ્વારા દબાણ કરવામાં આવ્યું છે.

રાજકોટ જિલ્લામાં સૌથી વધુ ૧.૭૫ કરોડ ચોરસ મીટર ક્ષેત્રફળમાં જમીન પર દબાણો છે, અમદાવાદમાં ૧૩ લાખ ૩૫ હજાર ચોરસ મીટર, સુરતમાં ૧ લાખ ૫૨ હજાર ચોરસ મીટર, ભાવનગરમાં ૪૯ લાખ ૯૬ હજાર ચોરસ મીટર એમ આખા ગુજરાતમાં ગણીએ તો ૫ કરોડ ચોરસ મીટર આશરે ગૌચરની જમીન પર દબાણ કરવામાં આવેલ છે.

ભાજપના રાજમાં આ ભૂમાફિયા બેફામ કેમ થાય કારણ કે આ રાજમાં સરકારમાં બેઠેલા નેતાઓ, અધિકારીઓ અને પોલીસ તંત્ર ત્રણેયની મિલીભગતથી આખા ગુજરાતમાં સરકારી અને ગરીબ લોકોની જમીનોને હડપ કરી દેવાનું, એનો ખોટી રીતે વેપાર કરીને કરોડો રૂપિયા ઘરભેગા કરવાનું એક વ્યવસ્થિત નેટવર્ક ચાલી રહ્યું છે. ગાંધીનગર જિલ્લાના મુલસાણા ગામમાં ૨૨૦૦ વીઘા જેટલી જમીન ગણોતિયાના હકકો ડુબાડીને, નિયમોની એસીતેસી કરીને પોતાના નામે કરી ૧૦,૦૦૦ કરોડ કરતાં વધારેનો વેપાર થયો. એ જ રીતે ખેડા જિલ્લામાં ફાગવેલ પાસે એક પૂર્વ મંત્રીના મળતીયાઓ ધ્વારા આખા ગામે ગામ પોતાના નામે કરીને મોટા પ્રમાણમાં જમીનો હડપવામાં આવી રહી છે.

અમદાવાદ, રાજકોટ, વડોદરા કે સુરત એની આસપાસની જે કિંમતી જમીનો છે એ આજે મોટા પ્રમાણમાં અધિકારીઓ, પોલીસ તંત્ર અને સરકારમાં બેઠેલા લોકોની મીલીભગતથી ગરીબો પાસેથી, ગણોતીયાના હકકો ડુબાડી, દાદાગીરી કરીને જમીનો હડપવામાં આવી રહી છે. નોકરીના બદલે વધારે સમય આ જમીનોનો વહીવટ કરવા માટે, જમીનોના સેટલમેન્ટ કરવા માટે અને જમીનોના કબ્જા લેવા માટે પગાર મળ તો હોય એવી રીતે કામ કરી રહ્યા છે.

સરકારી જમીન સંપાદનના ૨૦૧૩ના યુપીએની કેન્દ્ર સરકારના જે તે સમયના કાયદા મુજબ વળતર મળવું જોઈએ અને ખેડૂતની/જમીન માલિકની સંમતિ હોવી જોઈએ. એ રીતે ભારત માલા પ્રોજેકટ હોય કે બુલેટ ટ્રેનનો પ્રોજેકટ હોય કે બાયપાસ રોડના પ્રોજેકટ હોય કે આદિવાસી વિસ્તારમાં ઉદ્યોગોના વિકાસ માટે ડેવલપમેન્ટના નામે પ્રોજેકટ હોય કે મુંબઈ-દિલ્હી એકસપ્રેસ વેનો પ્રોજેકટ હોય એમાં જમીન સંપાદનના નામે માનીતાઓને લાભ કરાવવાનો જે ભેદભાવ થઈ રહ્યો છે, જે ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે અને જે માનીતા ના હોય તેને આર્થિક રીતે નુકસાન પહોંચાડવાનું કામ થઈ રહ્યું છે તેવી ફરિયાદો જનમંચના



માધ્યમ ધ્વારા અમારી પાસે આવી છે.

ભરૂચ જિલ્લાના ખેડૂતોને એમની નુકસાનીનું વળતર ન મળે અને બાજુમાં ભાજપના પ્રદેશના અધ્યક્ષનું મત ક્ષેત્ર હોવાથી એમના વિસ્તારના કેટલાક ખેડૂતોને વળતર વધારે મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. એવી જ રીતે આદિવાસી વિસ્તારોમાં ઉદ્યોગો માટે જમીન સંપાદન કરવામાં આવી રહી છે તેમાં જે હયાત રોડ છે તેને પહોળા કરવાને બદલે જંગલોમાંથી રોડ પસાર કરીને આદિવાસીઓની જમીનો હડપ કરવામાં આવી રહી છે. સૌરાષ્ટ્રમાં જોઈએ તો મોરબી નવલખી બંદર રોડ હોય કે ભાવનગર, સમોનાથ, પોરબંદર, દ્વારકા રોડ હોય કે આવા અનેક પ્રોજેકટ છે તેમાં જમીન સંપાદનના કાયદા મુજબ ખેડૂતોને વળતર નથી મળતું, એમની સંમતિ લેવામાં નથી આવતી અને એમના વાંધા વિરોધ છતાં ખેડૂતો પાસેથી જબરજસ્તીથી કબ્જા લેવામાં આવી રહ્યા છે. છોટા ઉદેપુરના ભાજપના એમપી, રાજકોટના પૂર્વ મંત્રી ગોવિંદભાઈ અને ભાજપના નેતા ચંદ્રેશ પટેલે પણ સ્વીકાર્યુ છે કે આ જમીન માપણી સર્વેમાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર ચાલે છે અને પૈસા લીધા વગર કોઈ કામ થતું નથી.

ગુજરાતમાં જનતાની સુનવાઈ ના થતી હોય, જનતાની વ્યાજબી ફરિયાદ સાંભળવામાં ન આવતી હોય, ત્યારે જવાબદાર વિપક્ષ તરીકે કોંગ્રેસ પક્ષ તરફથી જનમંચનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ખાસ કરીને મહેસુલ વિભાગના જે પ્રશ્નો છે કે જો તમારી જમીનમાં તમારા ગણોતિયાના હકક ડુબાડવામાં આવ્યા હોય, રી-સર્વેની કામગીરીમાં ગોટાળા થયા હોય, ભ્રષ્ટાચાર થયો હોય, એની કોઈ સુનવાઈ ના થતી હોય, જમીનોની કોઈ ફરિયાદ હોય કે કોઈ માથાભારે તત્વો ધ્વારા જમીનનો કબ્જો લેવાતો હોય, તમારા ગામની ગૌચર જમીન ઉપર કોઈએ ખોટો કબ્જો લીધો હોય, તમારી જમીનો રી-સર્વેમાં કોઈકના નામે બતાવી દીધી હોય, સરકારી જમીન પર કોઈક લોકોએ કબ્જો કરી લીધો હોય એવા તમામ કિસ્સાઓ અને તમારી જમીન પર પોલીસ પ્રશાસન ધ્વારા કોઈ જબરજસ્તીથી કબ્જો કરવાનો પ્રયત્ન થતો હોય, તમારી જમીનમાં જમીન સંપાદનનું પુરતું વળતર ના મળતું હોય, કોઈ હેરાનગતિ થતી હોય, તમારી જમીનના જે મહેસુલ વિભાગમાં પ્રકરણો ચાલે છે એના અંગે કોઈ પૈસા માંગતું હોય તો આવી જે પણ જમીનને લગતી, ખેડૂતોને લગતી ફરિયાદો છે જેની સરકાર સુનવાઈ નથી કરતી એવા તમામ લોકોને અમિતભાઈ ચાવડાએ મીડિયાના માધ્યમથી સંદેશ આપ્યો કે તમારી વ્યાજબી ફરિયાદો-રજૂઆતો માટે કોંગ્રેસ પક્ષ ચિંતિત છે અને એના માટે જે પણ હકક-અધિકારની લડાઈ છે એ કોંગ્રેસ પક્ષ લડશે. આ હેતુ અંતર્ગત ઓગષ્ટ મહિનાના પહેલા અઠવાડિયામાં ગાંધીનગર ખાતે જનમંચ કાર્યક્રમ યોજાશે તેમ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું.

### કૃષ્ણભકતોમાં આસ્થાના ઘોડાપુર

# સાવરકુંડલા લક્ષ્મીનારાયણ મંદિર ખાતે હિંડોળા અને શણગાર દર્શન યોજાયા

### મોટી સંખ્યામાં ધર્મપ્રેમી ભાઈઓ બહેનોએ દર્શનનો લાભ લીધો

સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલા લુહાર જ્ઞાતિ સમાજ વાડી ખાતે ભગવાન લક્ષ્મીનારાયણજી મંદિર ખાતે ભગવાન શ્રીકૃષ્ણના હિંડોળા દર્શન યોજાયા હતા. આ તકે દરરોજ હિંડોળાને શણગારોથી શણગારવામાં આવે છે, જેમાં ફળ, ફૂલ, સુકામેવા, લીલાવૃક્ષો, ચોકેલેટ, શાકભાજી વગેરે અલગ અલગ વસ્તુઓના સાવરકુંડલા શહેર ઉપરાંત આસપાસના ગામોમાંથી ધર્મપ્રેમી ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી રહ્યા છે.



### ભારત સરકાર એવમ્ યુવા કાર્યક્રમ ખેલ મંત્રાલય અંતર્ગત

# અમરેલી નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા જીલ્લા યુવા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું

### વિવિધ વિષયો પર વિવિધ સ્પર્ધાનું આયોજન

અમરેલી, તા. ૧૧

ભારત સરકાર એવમ્ યુવા કાર્યક્રમ ખેલ મંત્રાલય અંતર્ગત નહેરૂ યુવા કેન્દ્ર અમરેલી દ્વારા જીલ્લા યુવા ઉત્સવનું આયોજન તારીખ ૧૩/૦૭/૨૦૨૩ના ગુરૂવારના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે અમરેલી જીલ્લા વિધાસભા ખાતે આયોજન કરવામા આવશે. જેમાં અમરેલી જીલ્લાના યુવા વિવિધ પ્રતિયોગિતામાં ભાગ લેશે. જેની થીમ અમૃતકાળના પંચપ્રણ જેવા વિવિધ વિષયો પર વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામા આવશે. જેમકે ચિત્ર સ્પર્ધા, કવિતા સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા, મોબાઈલ ફોટોગ્રાફી, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે સ્પર્ધાનું આયોજન કરવામા આવશે.

તદ્ઉપરાંત યુવાનો દ્વારા START UP જેવા વિષયો પર પ્રદર્શનીનું પણ આયોજન કરેલ છે, તેવી ઉપરોકત યાદી જીલ્લા યુવા અધિકારી નહેરૂ યુવા કેન્દ્ર અમરેલી દ્વારા કરવામાં આવેલ છે.




ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪












### વાડી વિસ્તારમાં એમ્બ્યુલન્સ જઈ શકે તેમ ન હોવા છતાં પણ

# અમરેલીની ૧૦૮ ની ટીમે મધ્યરાત્રિએ વાડી વિસ્તારમાં સગર્ભાની કરી મદદ

### સ્થળ પર જ નોર્મલ પ્રસૂતિ કરાવી દીધી

અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના શેડુભાર ગામની વાડી વિસ્તારમાં મજૂરી કરતા પરપ્રાંતિય પરિવારના રેખાબેનને મધ્ય રાત્રિએ પ્રસૂતિની અસહ્ય પીડા ઉપડતાં આશાવર્કર બેન દ્વારા ૧૦૮ ઈમરજન્સીને મદદ માટે કાલ કરેલ. અમરેલી સીટી ૧૦૮ એમ્બ્યુલન્સ ચાલુ વરસાદ વચ્ચે શેડુભાર ગામ જવા રવાના થઈ હતી. વાડી વિસ્તારમાં એમ્બ્યુલન્સ જઈ શકે તેમ ન હોવાથી ઈ.એમ.ટી. સાગર મકવાણા તથા પાઈલોટ યોગેશભાઈ વૈધ જરૂરી મેડિકલ સાધનો લઈ સ્થળ પર પહોંચી દર્દીની તપાસ કરતા દર્દીને અસહ્ય પ્રસૂતિનો દુઃખાવો હોવાથી તથા બાળ કનું માથું બહાર આવી ગયું હોવાથી સ્થળ પર જ ડિલિવરી કરાવવાની ફરજ પડી હતી. ચાલુ વરસાદ વચ્ચે મધ્ય રાત્રિએ અમરેલી ૧૦૮ ના સ્ટાફ ઈ.એમ.ટી. સાગર મકવાણા અને પાયલોટ યોગેશભાઈ વૈધે સ્થળ પર જ ડિલિવરી કરાવી હતી. ડિલિવરી સમયે બાળકના ગળામાં નાળ વિટળાય ગયેલ હોવાથી બાળક રડયું ન હોય તાત્કાલીક અમદાવાદ ઓફિસમાં રહેલા ડોકટરની સલાહ પ્રમાણે બેબી કેર, ઓકિસજન આપી બાળકનો જીવ બચાવેલ અને



માતા બાળકને સારવાર સાથે અમરેલી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. અને માતા બાળકનો અમૂલ્ય જીવ બચાવેલ. તેમના સગા સંબંધીઓએ ૧૦૮ ના કર્મચારીનો આભાર માન્યો હતો. તથા ૧૦૮ ઈમરજન્સી પ્રોગ્રામ મેનેજર દિલીપ સોલંકી અને જિલ્લા અધિકારી યુવરાજસિંહ ઝાલા દ્વારા પણ સારી કામગીરી કરવા બદલ અમરેલી ૧૦૮ના સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા. અમરેલી જિલ્લાની તમામ ૧૦૮ એમ્બ્યુલન્સ કોઈ પણ કટોકટી માટે તૈયાર છે. કોઈ બનાવ કે ઈમરજન્સી બને તો તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સીનો સંપર્ક કરવા વિનંતી કરી છે.

### રાજુલા : સંઘવી મહિલાસ આર્ટસ કોલેજમાં

# સી.આર. અને જી.એસ.ની ચૂંટણી યોજાઇ



રાજુલા, તા. ૧૧

શ્રીમતી એસ. બી. સંઘવી મહિલા આર્ટસ તથા કોમર્સ કાલેજ ખાતે ચુંટણીનો માહોલ ખૂબ જ ઉત્સાહ જામ્યો હતો. સંપૂર્ણ લોકશાહી ઢબે ચૂંટણીનાં ફોર્મ ભરાયાં હતાં અને ત્યારબાદ સી.આર. તથા જી.એસ.નાં ઉમેદવારો એ પ્રચાર કરેલ અને ચૂંટણીનાં રંગે રંગાયા હતા.

મતદાન કરનાર બહેનોને બેલેટ પેપર આપી મત કુટીરમાં સ્વાતંત્ર હક આપી મતદાન કરવામાં આવેલ અને કોમર્સ વિભાગમાં જી.એસ. તરીકે સોલેરા હેતલબેન રામજીભાઈ અને આર્ટસ વિભાગમાં બાવળિયા રિંકલબેન જયસુખભાઈ જંગી બહુમતીથી ચૂંટાય આવેલ. બંને જી.એસ. દ્વારા મતદાતાઓનો આભાર માન્યો હતો અને તેમની ફરજ અદા કરવાની ખાતરી આપી હતી.

સંપૂર્ણ મતદાન બહેનોની રાજકીય કારકિર્દીનાં કૌશલ્યને વિકસાવવાનો હેતુ સિદ્ધ થયો. આ સાથે સી.આર. તથા જી.એસ.નાં પ્રતિનિધિઓએ સંગઠનથી કાર્ય કરવાના શપથ લીધા હતા. કેમ્પસ ડાયરેકટર ડો. જીજ્ઞેશભાઈ વાજા તથા કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ તથા પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવલ તથા પ્રાધ્યાપકોએ શુભેચ્છા પાઠવી હતી. એન.એન.એસ. પ્રોગ્રામ ઓફીસર જાગૃતિબેન તેરૈયાએ જહેમત ઉઠાવી હતી.

### પોરબંદરથી પ્રા.ડો. સ્નેહલ જોષીની વિશેષ ઉપસ્થિતિમાં

# અમરેલીમાં 'સંવાદ'ની સાહિત્ય ગોષ્ઠિ બેઠક સંપન્ન

### વર્તમાન સાહિત્ય પ્રવાહો વિશે વાર્તાલાપ અને કાવ્યપાઠની પ્રસ્તુતિ

અમરેલી, તા. ૧૧

અમરેલીની જાણીતી સાહિત્ય સંસ્થા 'સંવાદ' ની સાહિત્યગોષ્ઠિ બેઠક તા. ૮/૭/૨૦૨૩ને શનીવારનાં રોજ દીપક હાઈસ્કૂલ(રૂપાયતન) અમરેલી ખાતે જાણીતા કવિ અને પ્રા.ડો. સ્નેહલ જોષીની વિશેષ ઉપસ્થિતિમાં સંપન્ન થઈ હતી. પ્રારંભે સંવાદના સંયોજન પરેશ મહેતાએ શાબ્દિક સ્વાગત કરી પૂર્વભૂમિકા રજૂ કરી હતી. ડો. સ્નેહલ જોષીનું પુસ્તક ભેટ આપી રવજીભાઈ કાચા, મહેન્દ્રભાઈ જોષી, કેતન જોષીએ સ્વાગત કરેલ.

કવિ સ્નેહલ જોષીએ વર્તમાન ગુજરાતી સાહિત્ય પ્રવાહોની ચર્ચા કરતા સંસ્કૃત તેમજ ગુજરાતી ભાષાને તુલનાત્મક અભ્યાસ રજૂ કરેલ તેમજ સર્જકોએ સર્જન પ્રક્રિયા દરમિયાન શું શું ધ્યાનમાં લેવું, કવિતા સર્જનમાં ધીરજ રાખવી, કવિતા તુર્ત જ સોશ્યલ મીડિયામાં ના મુકતાં મઠારી પછી પ્રકાશિત કરવી, જૂનાં–નવા સર્જકોનાં પુસ્તક–વાંચન પર વિશેષ ભાર આપેલ. સાર્થક સાહિત્યગોષ્ઠિ બાદ કવિ કેતન જોષી, બાલકિશન જોગી, અગન રાજયગુરૂ, ડો. વિનોદ રાવલ, શીલા મહેતા, કનુભાઈ લીંબાસીયા 'કનવર', ભુષણ જોષી વગેરેએ કાવ્યપાઠ કરી સહુને વરસાદી માહોલમાં કાવ્યરસથી ભીંજવી દીધા



હતા. કવિ હર્ષદ ચંદારાણાએ સ્નેહલ જોષીની કવિતાનાં વિશે વિશેષ સ્મરણ, આસ્વાદક વાત રજૂ કરી હતી.

આ બેઠકમાં લોકસાહિત્ય સેતુનાં પ્રમુખ મહેન્દ્રભાઈ જોષી, કેળ વણીકાર રવજીભાઈ કાચા, વાર્તાકાર વર્ષાબેન જોષી, કવિ ફિરોઝ હસ્નાણી, લવજીભાઈ ચાવડા, કાળુભાઈ ટાંક, સુભાષભાઈ વ્યાસ, શરદભાઈ વ્યાસ, એડવોકેટ ગઢવીભાઈ, માલતીબેન પંડયા, પત્રકાર કમલેશભાઈ સહિત સાહિત્યરસિકે, ભાવકોએ ભાવમય હાજરી આપી હતી. ઉમેશભાઈ જોષી, ઉદયભાઈ દેસાઈ, પંકજભાઈ જોષી, દિવ્યા સોજીત્રા, શશીભાઈ રાજયગુરૂ, બિન્દુબેન ત્રિવેદી, હાર્દિક વ્યાસ, નિલેષભાઈ પાઠક, કેતન કાનપરીયા, નવીન જોષી, વાસુદેવ સોઢા, રિયાઝ વેરસિયા સહિતનાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

દીપક હાઈસ્કૂલનાં આચાર્ય અમિતભાઈ ઉપાધ્યાય દ્વારા સરસ મજાની બેઠક વ્યવસ્થા, રિફ્રેશમેન્ટ માટે તેમના પ્રત્યે આભાર વ્યકત કરાયેલ. સમગ્ર બેઠકનું સંચાલન પરેશભાઈ મહેતાએ કરેલ.

### અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનાં સ્થાપના દિને

# અમરેલી–નાનામાચીયાળાની પ્રાથમિક શાળામાં વિનામૂલ્યે આરોગ્ય ચકાસણી કેમ્પ યોજાયો

### સાથો સાથ મચ્છરજન્ય રોગો વિશે પણ જાગૃતતા યોજાઈ

અમરેલી, તા.૧૧

૯ જુલાઈ એટલે વિશ્વનું સૌથી મોટું છાત્ર સંગઠન એવા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનો સ્થાપના દિવસ. જે રાષ્ટ્રીય વિદ્યાર્થી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જે ૧૯૪૯ થી વિદ્યાર્થી તથા સામાજિક ક્ષેત્રે પણ કાર્યરત છે.

ગઈકાલે નાના માચીયાળા સ્થિત પ્રાથમિક શાળામાં મેડિવિઝન આયામ અંતર્ગત તથા સિવિલ હોસ્પિટલ અમરેલીના સંયુકત ઉપક્રમે ફ્રી હેલ્થ ચેકઅપ કેમ્પ તથા મચ્છરજન્ય રોગો વિશે જાગૃતતા અંગેનો કાર્યક્રમ કરવામાં આવ્યો.

જેમાં મુખ્ય અતિથિ તરીકે આરોગ્ય સમિતિના ચેરમેન જીતુભાઈ ડેર તથા તાલુકા પંચાયત ઉપપ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ તથા જિલ્લા પંચાયત આરોગ્ય શાખાના કર્મચારી જતીનભાઈ વ્યાસ, પ્રવીણભાઈ બુહા તથા ગામના સરપંચ વનરાજભાઈ ડાંગર, ઉપસરપંચ બલભદ્રભાઈ તથા ગામના વડીલોએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. ત્યારબાદ ડો.હિરેનભાઈ ધડુક અને તેમની ટીમ




દ્વારા હેલ્થ ચેકઅપની કામગીરી શરૂ કરવામાં આવી. જેમાં ગ્રામજનોએ વિનામૂલ્યે સારવારનો લાભ મેળવ્યો હતો.

### સાવરકુંડલા નજીક આવેલ

# ભુવા ગામે અન્નપૂર્ણા ટિફિન સેવાનો પ્રારંભ થયો

### સંતો, મહંતોએ આશીર્વાદ પાઠવ્યા



સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલા તાલુકાનાં ભુવા ગામે આજરોજ મહંતોની ઉપસ્થિતિમાં શ્રી અન્નપૂર્ણા ટીફીન સેવા કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આમ અન્નનો મહિમા અનેરો છે અન્ન દાન એ મહાદાન છે એ સૂત્રને સાર્થક થતું જોવા મળેલ.

### પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઉંધાડની ઉપસ્થિતિમાં

# વડિયા ખાતે ખોડલધામ ટ્રસ્ટનાં પ્રમુખ નરેશ પટેલનાં જન્મદિને રકતદાન કેમ્પ યોજાયો

### જિલ્લા કન્વીનર રમેશ કાથરોટીયા પણ જોડાયા

વડિયા, તા. ૧૧

ગુજરાતમાં ખોડલધામ જેવી મહત્વની ધાર્મિક જગ્યાના ના સ્વપ્ન દ્રસ્ટા અને તેને ટૂંકા સમયમાં સાકાર કરનાર નરેશ પટેલ દ્વારા સમગ્ર રાજયમાં ખોડલધામ સમિતિ રૂપે સંગઠન બનાવી ઘરઘર સુધી પહોચ્યા છે ત્યારે તેના જન્મદિવસની વડિયા ખોડલધામ સમિતિદ્વારા તેમના જન્મદિવસે પટેલવાડી માં રક્દાન કેમ્પ યોજી એક સેવાનું ઉમદાકાર્ય કરી તેમના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ રક્દાન કેમ્પમાં અમરેલી જિલ્લા ખોડલધામ સમિતિના રમેશ કાથરોટિયા ,પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડ વડિયા સરપંચ મનિષભાઈ ઢ ોલરીયા, વિપુલભાઈ રાંક, પરેશભાઈ કોટડીયા સહિત અનેક સામાજિક રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ રક્દાન કેમ્પમાં મહિલાઓએ પણ રક્દાન કરી રક્દાન મહાદાન નો સંદેશો આપ્યો હતો. તો કાર્યક્રમને સફળ બનાવવા સ્થાનિક ખોડલધામ



સમિતિના કાર્યકર્તા અને હોદેદારોએ જહેમત ઉઠાવી હતી.

### પૂર્વ નગરસેવક અરવિંદ મેવાડાની રજૂઆત

# બાબરા : ડો. કલામ પ્રાથમિક શાળાને સુરક્ષિત કરવા માટે ફરતે દીવાલ બનાવો

### શાળા નજીકથી ગંદકી પણ દૂર કરવા માંગ

બાબરા, તા. ૧૧

બાબરાના નગરપાલિકા વોર્ડ નંબર ૩માં આવેલી ડો. કલામ સરકારી પ્રાથમિક શાળામાં સાફ સફાઈ સહિત કમ્પાઉન્ડ વોલ દીવાલના અભાવે વિદ્યાર્થી ભુલકા માટે વાલી વર્તુળ ચિંતિત બન્યું છે. જાણવા મળતી વિગત મુજબ રાજય સરકાર દ્વારા લાખોના ખર્ચે અહીં પ્રાથમિક શાળા ઉભી કરવામાં આવી છે. જેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ મોટા ભાગે ગરીબ અને શ્રમિક પરિવારના જણાય આવે છે. શાળ ા ફરતી વિદ્યાર્થી સેફટી અને શાળા બિલ્ડીંગ માટે કમ્પાઉન્ડ દીવાલ નહિ બનવાથી અનેક યાતનાનો સામનો વિદ્યાર્થી કરી રહ્યા છે. શાળા આજુબાજુ સાફ સફાઈ અંગે નગરપાલિકા નિયમિતતા નહિ જાળવતી હોવાની બુમ સાથે શાળા બાળકોમાં હાલ મચ્છરજન્ય, પાણીજન્ય રોગો વર્તાઈ રહ્યા છે. વળી કમ્પાઉન્ડ વોલ નહિ હોવાથી સતત પવન અને સહિત વિવિધ ઋતુજન્ય રોગો પ્રસરતા હોવાની ફરિયાદ ઉઠી છે. વિદ્યાર્થી બાળકોના ભવિષ્ય અંગે તાત્કાલિક અસરથી બાબરા નગરપાલિકા સફાઈ મુદ્દે યોગ્ય કરી અને આ વિસ્તારમાં ફોગીંગ મશીન મારફત જંતુનાશક દવા છંટકાવ સાથે બાળકોની આરોગ્ય તપાસ હાથ ધરવામાં આવે તેમજ જિલ્લા શિક્ષણ વિભાગ તાત્કાલિક અસરથી સર્વે હાથ ધરી શાળા કમ્પાઉન્ડ દીવાલ બનાવવા આગળ આવે તેવી માંગ ઉઠી રહી છે.નગરપાલિકા કારોબારી સમિતિના ચેરમેન ભૂતપભાઈ બસીયાએ જણાવ્યું હતું કે અહીં શાળામાં ફરતી દીવાલ બનાવવા માટે રાજયની સર્વશિક્ષા અભિયાન કચેરી ગાંધીનગર ખાતે રજુઆત કરવામાં આવેલ છે. જલ્દી અહીં શાળામાં દીવાલ બને તે માટેના નગરપાલિકાના પુરતા પ્રયાસ છે તેમજ શાળાની આસપાસ સફાઈ કરવામાં આવે છે તેમજ કચરા પેટી પણ મુકવામાં આવેલ છે પણ લોકો તેનો ઉપયોગ કરતા નથી. ત્યારે થોડી જાગૃતિની પણ જરૂર છે. બાકી તેમ છતાં સફાઈ વિભાગમાં સૂચના આપી શાળામાં અને આસપાસ પૂરતી સફાઈ કરવામાં આવશે.

# બગસરા : આપાગીગા ગાદી મંદિરનાં કોઠારી શ્રી હરિબાપુનો આજે જન્મદિવસ

બગસરા, તા. ૧૧

અહીંના સુપ્રસિધ્ધ પૂ. શ્રી આપાગીગાનાં ગાદી મંદિરનાં પૂ. મહંતશ્રી જેરામબાપુનાં સાનિધ્યમાં ધાર્મિક ઉત્સવોની ઉજવણી તેમજ સામાજિક પ્રવૃતિઓ ગાદી મંદિરમાં નાત જાતનાં ભેદભાવ વગર બન્ને ટાઈમ હરીહર ટુકડો 'પ્રસાદ' આપવામાં આવે છે.

તેમજ પૂ.શ્રી આપાગીગા ગાદી મંદિર રાજસ્થાનનાં બંસીપાલ પથ્થરને શિલ્પકામ કરી ભવ્ય મંદિરનું નિર્માણ કાર્ય હાલ શરૂ છે.

પૂ. જેરામબાપુનાં શુભ સંકલ્પને પૂર્ણ કરવા સતત સેવામાં જહેમત ઉઠાવતા ગાદી મંદિરનાં કોઠારી શ્રી હરીબાપુનો તા. ૧૨–૭–૨૩નાં રોજ ૫૭ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. તો આ પ્રસંગે સ્નેહીઓ, મિત્રો, વકીલો, ડોકટરો



તેમજ પૂ. સંતો–મહંતશ્રીઓ અને ગાદી મંદિરનાં અનુયાયીઓ તથા પરિવારજનો ગીગેવ ગૃપ તથા શ્રી ગીગેવ રાસ મંડળ દ્વારા શુભકામના તેમજ પૂ.શ્રી જેરામબાપુ દ્વારા કોઠારીશ્રીને આ શુભ દીને દિર્ધાયુ આયુષ્ય પૂ. આપાગીગા આપે તેવા શુભા આશિષ પાઠવશે. શુભેચ્છકો મો. ૯૪૨૬૯ ૩૮૪૭૦ પર શુભેચ્છા પાઠવશે.

''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### ખોડલધામનાં પ્રણેતા નરેશ પટેલની ઉપસ્થિતિમાં

# અમેરિકામાં સૌરાષ્ટ્ર પટેલ કલ્ચરલ સમાજનું અધિવેશન યોજાયું

### નિર્દોષાનંદ હોસ્પિટલનાં મંત્રી બી.એલ. રાજપરા પણ જોડાયા

ટીંબી, તા. ૧૧

સમગ્ર અમેરિકામાં વસતા પટેલ સમાજનાં તમામ પરિવારજનોને સંગઠિત–શિક્ષિત–દિક્ષિત અને સુરક્ષિત માટેનાં હેતુસર તેમજ પટેલ સમાજની ધરોહર(વારસો)થી નવયુવાનો અને ભાવિપેઢીને વાકેફ રાખવાનાં શુભઆશયથી સને.૧૯૮૦ માં ''સૌરાષ્ટ્ર પટેલ કલ્ચરલ સમાજ'' ની સ્થાપના થયેલ છે. આ સંસ્થા દ્વારા દર ત્રણ દિવસ સુધી કન્વેન્શન(અધિવેશન)નું આયોજન કરવામાં આવે છે.

જેમાં અમેરિકામાં વસતા પટેલ સમાજનાં લગભગ બધાજ પરિવારજનો ભાગ લેતા હોય છે. જેમાં બાળકો, યુવાનો અને વડિલોને ધ્યાનમાં રાખીને વિવિધ કાર્યક્રમોનું સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવે છે. આ વર્ષે તા. ૦૧/૭/૨૦૨૩ થી તા. ૩/૭/૨૦૨૩ સુધી ત્રણ દિવસ અમેરિકાનાં નોર્થકેરોલીના સ્ટેટનાં કેપીટલ સીટી




રાલ્હે મુકામે ''સૌરાષ્ટ્ર પટેલ કલ્ચરલ સમાજ''નાં ૯માં ''અવસર'' ઈન્ટરનેશનલ કન્વેન્શનનું રેકોર્ડબ્રેક આયોજન અમેરિકા સ્થિત તેમજ વિશ્વમાંથી પધારેલ–૨૬૧૮ જેટલા સમાજનાં ભાઈઓ, બહેનો, યુવાનો અને બાળકો તેમજ સમાજશ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં અભૂતપૂર્વ રીતે સંપન્ન થયેલ છે.

આ અધિવેશનમાં ખોડલધામનાં પ્રમુખ નરેશભાઈ પટેલ, સરદારધામનાં પ્રમુખ ગગજીભાઈ સુતરીયા, નિર્દોષાનંદજી હોસ્પિટલ–ટીંબીનાં મંત્રી બી.એલ. રાજપરા, સમાજ અગ્રણી ઓઘવજીભાઈ મોણપરા, ખોડલધામ અને સરદારધામનાં ટ્રસ્ટીઓ તેમજ રાજકીય, સામાજિક આગેવાનો, ઉદ્યોગપતિઓ, નોર્થકેરોલીના સ્ટેટનાં ગવર્નર અને રાલ્હે શહેરનાં મેયર સહિત વિવિધક્ષેત્રનાં આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

# ચલાલા : હરિબા મહિલા કોલેજ અને ગાયત્રી સંસ્કાર વિદ્યાલયમાં પ્રથમ વાલી દિવસ યોજાયો






શિક્ષણ અને સંકારનાં સુત્રને સાર્થક કરતી તેમજ દર વર્ષે ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ બોર્ડનાં સુંદર રીઝલ્ટ લાવી અને બાળકોનું જીવનઘડતર જ જેમનો મુખ્ય ઉદ્દેશ્ય છે. તેવી ગાયત્રી સંસ્કાર વિદ્યાલય તેમજ હરિબા મહિલા કોલેજમાં પ્રથમ વાલી મીટીંગ યોજાઈ હતી. જેમાં બધા વાલીઓ ખુબ જ હર્ષોલ્લાસ સાથે પોતાના લાડકવાયા દીકરા/દીકરીઓ મળવા આવ્યા હતા. મળવાની સાથે બાળકો માટે નાસ્તો અને તેમની મનપસંદ વસ્તુઓ લાવ્યા હતા. બાળકો સાથે વાતચીત કરી હતી અને બાળકોએ પણ પ્રોજેકટર દ્વારા ખુબ સુંદર શૈક્ષણિક કાર્ય ચાલે છે. દર અઠવાડિયે ટેસ્ટ લેવાય છે. નબળા વિષયો પર પુરતું ધ્યાન આપવામાં આવે છે. તમે ચિંતા ના કરશો એવું આશ્વાસન આપી વાલીને સંતોષકારક જવાબ આપ્યો હતો. પૂ. રતિદાદાનાં આશીર્વાદ સાથે બધા વાલીઓ પણ શિક્ષણ સાથે સંસ્કારનાં સમન્વયને નિહાળી ખૂબ રાજી થયા હતા. બધાએ સાથે ભોજન લઈ વિદાય લીધી હતી. શાળાનાં ડાયરેકટર મહેશભાઈ મહેતા તથા આચાર્ય શીતલબેન મહેતાએ જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

### ટામેટા હવે નવું સોનું બની ગયા છે

## કર્ણાટક : રસ્તા પર શાકભાજી વહેચવા વાળા વેપારીએ ડરીને CCTV લગાવ્યા

કર્ણાટક, તા.૧૧

ટામેટા હવે નવું સોનું બની ગયા છે, કર્ણાટકમાં આ શાકભાજીના ભાવ એટલા વધી ગયા છે કે, લોકોને રોજનું મેનુ બદલવાની ફરજ પડી છે. ટામેટા લોકોના આહારમાંથી હવે ગાયબ થઈ ગયેલા જોવા મળ્યા છે. જોકે, આ પ્રકારની માંગ અને કિંમતો ક્યારેક એટલી વધી જાય છે કે, લોકો તેને લકઝરી વસ્તુ તરીકે જોવાનું શરૂ કરે છે જ્યારે ક્યારેક ભાવ એટલા ખરાબ રીતે ઘટી જાય છે કે, ટામેટાં ઉગાડનારા ખેડૂતો રસ્તા પર ટામેટાંથી ભરેલી ટ્રક ફેંકી દેતા જોવા મળે છે.

કર્ણાટક ૧૦.૨૩% બજાર હિસ્સા સાથે દેશમાં ટામેટાનું ત્રીજું સૌથી મોટું ઉત્પાદક છે. અત્યારે ટામેટાંનો પાક લઈ રહેલા ખેડૂતોને લોટરી લાગી છે, ભાવ ગમે તેટલા ઊંચા હોય, સામાન્ય પરિવાર માટે રસોઈમાં થોડું ટમેટા ઉમેરવું ખૂબ જ જરૂરી છે.

તેથી જ લોકો પોતાની ખરીદશક્તિ પ્રમાણે આ મોંઘા શાકભાજીની ખરીદી કરી રહ્યા છે. આજે કર્ણાટકમાં ટામેટાની કિંમત ૧૩૦થી ૧૬૦ રૂપિયા પ્રતિ કિલો છે. કેટલીક દુકાનો એવી છે કે, જે માંગ અને ઉપલબ્ધતાના આધારે પણ વધુ ભાવે માલ વેચી રહી છે, ત્યારે સ્વાભાવિક છે કે, જ્યારે ભાવ આ પ્રમાણે હશે તો ચોરીની શક્યતા ઘણી વધી જશે.

તેથી જ હાવેરીના અક્કી અલુરુમાં એક ખેડૂતે પોતાના ટામેટાના ઢગલાને ચોરીથી બચાવવા માટે એક સ્માર્ટ વ્યવસ્થા કરી છે. ટામેટાં લઈને બેઠેલા આ વેપારી માને છે કે, આ સિઝનમાં તેનું નસીબ બદલાઈ જશે. મુટ્ટપ્પા, એક ખેડૂત કે, જેણે તાજેતરમાં જ તેના ખેતરમાંથી લાલ ટામેટાંની લણણી કરી હતી, તે સ્થાનિક બજારમાં તેની સાથે CCTV કૅમેરો લાવ્યો હતો. જે હરોળમાં બીજા ખેડૂતો બેઠા હતા તે જ હરોળમાં તે બેઠો. તેની સામે તેણે ટામેટાંનો ઢગલો મૂક્યો જે તે વેચવા માટે લાવ્યો હતો. ટામેટાંની સાથે બીજી કેટલીક શાકભાજી પણ છે જે તેણે આ જ ખેતરમાં ઉગાડી હતી. તેણે કહ્યું કે, લોકો મારી પાસેથી ટામેટાં ખરીદે છે કારણ કે, તે આ બજારમાં શ્રેષ્ઠ છે, પરંતુ જ્યારે હું અન્ય ગ્રાહકોની સેવા કરવામાં વ્યસ્ત હોઉં છું, ત્યારે કેટલાક બદમાશો કેટલાક ટામેટાં લઈ જશે અને મને ખબર પણ નહીં પડે, હું કંઈપણ ગુમાવવા માંગતો નથી, તેથી મેં ઝઝ્ફ કેમેરા ગોઠવ્યા છે. આ મારી પોતાની સુરક્ષા માટે છે. મુટ્ટપ્પા કહે છે કે, ટામેટા ચોરીનો બનાવ પણ પ્રકાશમાં આવ્યો હતો.

હસન જિલ્લાના બેલુરના ધારાની પાસેના ગોની સોમનહલ્લી ગામમાં આજે સવારે એક ટમેટા ઉત્પાદક આઘાતમાં હતો. તે આજે તેના ખેતરમાં સંપૂર્ણ પાકેલા ટામેટાં કાપવાની યોજના બનાવી રહ્યો હતો અને બદમાશોએ રાતોરાત લાખોની કિંમતની ૫૦ થી ૬૦ બોરી ટામેટાંની લૂંટ કરી હતી.

### સપ્તેશ્વર મહાદેવ મંદિર પાસે પહોંચ્યું પાણી

## સાબરકાંઠામાં સાબરમતી નદી બે કાંઠે

**સાર્વત્રિક વરસાદથી જળાશયોમાં પાણીની સારી આવક થઇ છે, ગુજરાતના કુલ ૨૦૭ ડેમ પૈકી ૨૬ ડેમ સંપૂર્ણ ભરેલા છે**

સાબરકાંઠા, તા.૧૧

રાજ્યમાં સાર્વત્રિક વરસાદને પગલે નદી-નાળા છલકાયા છે, ત્યારે સાબરમતી નદીમાં પાણીની આવક વધતાં બે કાંઠે થઈ છે. સપ્તેશ્વર મહાદેવ મંદિરની પાસે નદીનું પાણી પહોચ્યું છે. જેના પગલે દર્શનાર્થે આવતા ભક્તોમાં ખુશી જોવા મળી રહી છે.

આ વર્ષે પહેલી વખત નદી બે કાંઠે થઈ છે. બીજી બાજુ, સાર્વત્રિક વરસાદથી જળાશયોમાં પાણીની સારી આવક થઈ છે. ગુજરાતના કુલ ૨૦૭ ડેમ પૈકી ૨૬ ડેમ સંપૂર્ણ ભરેલા છે. કુલ ૨૦૭ ડેમમાં ૪૭.૪૧ ટકા પાણીનો જથ્થો છે. કચ્છના ૨૦ ડેમ પૈકી ૭ સંપૂર્ણ ભરેલા છે. કચ્છના ૨૦ ડેમમાં ૬૩.૭૦ ટકા પાણીનો જથ્થો છે. સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમ પૈકી ૧૮ ડેમ સંપૂર્ણ ભરેલા છે. સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં ૫૭.૫૬ ટકા પાણીનો જથ્થો છે. ઉત્તર ગુજરાતના ૧૬ ડેમમાં ૫૨.૮૫ ટકા પાણીનો જથ્થો છે. દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમ પૈકી ૧ ડેમ સંપૂર્ણ ભરેલો છે. દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમમાં ૩૫.૫૭ ટકા પાણીનો જથ્થો છે. મધ્ય ગુજરાતના ૧૭ ડેમમાં ૨૯.૭૮ ટકા પાણીનો જથ્થો છે. સરદાર સરોવર ડેમમાં ૫૮.૧ ટકા પાણીનો જથ્થો છે. જ્યારે કુલ ૨૦૭ ડેમ પૈકી ૩૭ ડેમ હાઈ એલર્ટ પર છે. ૧૩ ડેમ એલર્ટ પર, ૧૫ ડમ વોર્નિંગ પર છે. રાજ્યના કુલ ૨૦૬ ડેમ પૈકી ૨૬ ડેમો સંપૂર્ણ ભરેલા છે. ૪૦ ડેમ ૭૦થી ૧૦૦ ટકા સુધી ભરેલા છે. ૩૦ ડેમ ૫૦થી ૭૦ ટકા સુધી ભરેલા છે. ૫૨ ડેમ ૨૫થી ૫૦ ટકા સુધી ભરેલા છે. ૫૮ ડેમ ૨૫ ટકાથી નીચે સુધી ભરેલા છે. કુલ ૨૦૬ ડેમમાં ૪૧ ટકા પાણીનો જથ્થો છે.

### ભારતમાં ૨૦૦૫ અને ૨૦૦૬ વચ્ચે લગભગ ૬૪.૫ કરોડ લોકો ગરીબ હતા

## ભારતમાં ૧૫ વર્ષમાં ૪૧.૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા, યુએનએ પ્રસંશા કરી

**ગ્લોબલ મલ્ટી ડાયમેન્શનલ પોવર્ટી ઈન્ડેક્સના નવા અપડેટમાં માહિતી સામે આવી, ભારત સહિત ૨૫ દેશોની ૧૫ વર્ષમાં ગરીબી રેખા ઘટાડવામાં મહત્વપૂર્ણ સફળતા**

નવી દિલ્હી, તા.૧૧

ભારતમાં ૨૦૦૫ અને ૨૦૦૬ વચ્ચે લગભગ ૬૪.૫ કરોડ લોકો ગરીબ હતા... જોકે આ આંકડો ઘટીને ૨૦૧૫ અને ૨૦૧૬ વચ્ચે લગભગ ૩૭ કરોડે પહોંચી ગયો છે, જ્યારે ૨૦૧૯ અને ૨૦૨૧ વચ્ચે ૨૩ કરોડ પર આવી ગયો છે.

વિશ્વના સૌથી મોટા લોકતંત્ર ભારતની પ્રશંસા કરતા સંયુક્ત રાષ્ટ્ર (યુએન)એ આજે જણાવ્યું કે, ભારતમાં ૨૦૦૫-૨૦૦૬થી ૨૦૧૯-૨૦૨૧ સુધીના ૧૫ વર્ષના સમયગાળા દરમિયાન કુલ ૪૧.૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. આ માહિતી ગ્લોબલ મલ્ટી ડાયમેન્શનલ પોવર્ટી ઈન્ડેક્સના નવા અપડેટમાં સામે આવી છે.

યુએનના આ રિપોર્ટ મુજબ ભારત સહિત ૨૫ દેશોએ ૧૫ વર્ષમાં ગરીબી રેખા ઘટાડવામાં મહત્વપૂર્ણ સફળતા મેળવી છે.

આ બાબત વિવિધ દેશોની ઝડપી પ્રગતિ દર્શાવે છે. આ યાદીમાં ભારત ઉપરાંત કંબોડિયા, ચીન, કોંગો, હોન્ડુરાસ, ઈન્ડોનેશિયા, મોરોક્કો, સર્બિયા અને વિયેતનામ પણ સામેલ છે. રિપોર્ટમાં વધુમાં જણાવાયું કે, સૌથી વધુ ભારતમાં ગરીબી રેખામાં ઘટાડો જોવા મળ્યો છે. ભારતમાં માત્ર ૧૫ વર્ષના સમયગાળાની અંદર ૪૧.૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. રિપોર્ટ પરથી કહી શકાય કે, ગરીબી રેખાને ઘટાડવી સંભવ છે. જો કે, કોવિડ-૧૯ રોગચાળાના સમયગાળા દરમિયાન વ્યાપક ડેટાના અભાવના કારણે મૂલ્યાંકનો મેળવવામાં પડકારોનો સામનો કરવો પડ્યો... ભારતમાં ૨૦૦૫-૨૦૦૬માં ગરીબી રેખાનો દર ૫૫.૧ ટકા હતો, જે ૨૦૧૯થી ૨૦૨૧માં ઘટીને ૧૬.૪ ટકાએ પહોંચી ગયો છે.

### ભારત હાલમાં ખુબજ ઝડપી વિકાસ કરી રહ્યું છે

## ભારત ૨૦૭૫ સુધીમાં યુએસને પછાડી વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે

નવી દિલ્હી, તા.૧૧

ભારતએ વિશ્વનો એવો દેશ છે જે હાલ ખુબ જ ઝડપથી વિકાસ કરી રહ્યો છે. મોટા ભાગના લોકોનું માનવું છે કે ભારત ટૂંક સમયમાં વિશ્વના ટોપ-૩ શક્તિશાળી દેશોમાં સામેલ થઈ જશે. એવામાં એક રીપોર્ટ સામે આવ્યો છે.

વિશ્વની અગ્રણી ઈન્વેસ્ટમેન્ટ બેંક ગોલ્ડમેન સેશેએ બહાર પાડેલ રીપોર્ટ મુજબ વર્ષ ૨૦૭૫ સુધીમાં ભારતીય અર્થવ્યવસ્થા અમેરિકાને પછાડી દેશે અને વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે.

ભારતની અર્થવ્યવસ્થાને લઈને વિશ્વનો દૃષ્ટિકોણ ખૂબ જ ઝડપથી બદલાઈ રહ્યો છે. આનું કારણ આપણી ઝડપથી વધી રહેલી મધ્યમ વર્ગની વસ્તી અને તેની સાથે વધતી માંગ અને વપરાશ છે. આજે ભારતની કુલ વસ્તીમાંથી ૩૧ ટકા મધ્યમ વર્ગની છે.

વર્ષ ૨૦૩૧ સુધીમાં તે વધીને ૩૮ ટકા થવાનો અંદાજ છે. તે જ સમયે, વર્ષ ૨૦૪૭ સુધીમાં, ભારતીય વસ્તીમાં મધ્યમ વર્ગની વસ્તી ૬૦ ટકા સુધી પહોંચી જશે. જ્યારે ભારત આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ કરશે, ત્યારે દેશમાં ૧ અબજથી વધુ લોકો મધ્યમ વર્ગમાં હશે.

ભારત તાજેતરમાં વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓની યાદીમાં પાંચમા ક્રમે છે. યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા ઈ૨૩.૩ ટ્રિલિયનના ર્ઙ્ઢં સાથે વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર છે.

ચીન ૧૭.૭ ટ્રિલિયન ડોલર સાથે વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. ત્રીજા નંબર પર જાપાન છે, જેની જીડીપી ૪.૯ ટ્રિલિયન ડોલર છે ત્યારબાદ જર્મની ઈ૪.૩ ટ્રિલિયન સાથે ચોથા નંબર પર આવે છે. જયારે ભારત ૩.૨ ટ્રિલિયન ડોલરના જીડીપી સાથે પાંચમા ક્રમે છે.

ગોલ્ડમેન સેશેનું કહેવું છે કે, ૧.૪ અબજની વસ્તી ધરાવતું ભારત જીડીપી ચાર્ટમાં આગળ વધી શકે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ભારતમાં પ્રતિભા, વર્કફોર્સ અને સૌથી વધુ કાર્યકારી વયની વસ્તી અર્થતંત્રને ઝડપથી વિકાસ કરવામાં મદદ કરશે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ભારતની જીડીપી વૃદ્ધિ ૭.૨% હતી, જે આ સમયગાળા દરમિયાન વિશ્વમાં સૌથી વધુ છે.

### રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુધ્ધને ૫૦૦ દિવસ

## યુક્રેન સાથેના યુધ્ધમાં રશિયાના ૫૦૦૦૦ જવાન માર્યા ગયાનો દાવો

**રશિયાના બે મીડિયા આઉટલેટે જર્મનીના ડેટા સાયન્ટિસ્ટસ્ સાથે મળીને કરેલા સર્વેમાં દાવાનેફ ગાવતા રશિયાએ ૬૦૦૦ સૈનિકો માર્યા ગયા હોવાનું કહ્યું**

મોસ્કો, તા.૧૧

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુધ્ધને ૫૦૦ દિવસ થઈ ગયા છે. બંને દેશોમાંથી એક પણ મચક આપી રહ્યો નથી.

યુધ્ધ ક્યારે પૂરુ થશે તે અંગે કોઈ છાતી ઠોકીને કહી શકે તેમ નથી.આવા સંજોગોમાં રશિયાના બે મીડિયા આઉટલેટે જર્મનીના ડેટા સાયન્ટિસ્ટસ્ સાથે મળીને કરેલા સર્વેમાં દાવો કર્યો છે કે, આ યુધ્ધમાં અત્યાર સુધીમાં રશિયાના ૫૦૦૦૦ જવાનો માર્યા ગયા છે. જ્યારે રશિયાની સરકારનુ કહેવુ છે કે, રશિયાના ૬૦૦૦ જવાનો યુધ્ધમાં માર્યા ગયા છે.

આ સ્ટડી પ્રમાણે ૨૦૨૨માં ફેબ્રુઆરી મહિનામાં યુધ્ધ ભડક્યુ હતુ અને ૨૦૨૨માં ૨૫૦૦૦ સૈનિકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. ૨૦૨૩માં આ આંકડો હવે ૫૦૦૦૦ સુધી પહોંચ્યો છે. જેમાં અલગ અલગ વયના સૈનિકો સામેલ છે.

જે મીડિયા આઉટલેટ દ્વારા આ સ્ટડી કરાવવામાં આવ્યો છે તે પૈકીના એકને રશિયા ફોરેન એજન્ટ હોવાનુ કહી રહ્યુ છે. જોકે આ સ્ટડી અને અગાઉ થયેલા દાવા અલગ અલગ છે. ફેબ્રુઆરી મહિનામાં બ્રિટને કહ્યુ હતુ કે, રશિયાના ૪૦૦૦૦ થી ૬૦૦૦૦ સૈનિકોના મોત થયા છે જ્યારે અમેરિકન સુરક્ષા એજન્સીઓએ ૩૫૦૦૦ થી ૪૩૦૦૦ સૈનિકો મર્યા હોવાનુ કહ્યુ હતુ. જ્યારે વ્હાઈટ હાઉસે મે મહિનામાં કહ્યુ હતુ કે, ડિસેમ્બર ૨૦૨૨થી મે ૨૦૨૩ વચ્ચે ૨૦૦૦૦ રશિયન સૈનિકો મોતને ભેટ્યા છે.

## ટોડા ખાતે વિશ્વ વસ્તી દિનની ઉજવણી કરવામાં આવી



લાઠી, તા. ૧૧

પ્રા.આ.કેન્દ્ર જરખીયાના એચ.ડબ્લ્યુ.સી. ટોડા ખાતે વિશ્વ વસ્તી દિન નિમિતે એક ગુરૂ શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં વસ્તી નિયંત્રણ બાબતે ચર્ચા કરેલ અને કુટુંબ નિયોજન વિશે માહિતગાર કરેલ. સાથે સાથે ચોમાસાની સિઝનમાં ફેલાતા વાહકજન્ય રોગચાળાથી બચવાના ઉપાયો વિશે ચર્ચા કરેલ અને સરકારની વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓ જેવી કે આભાકાર્ડ ,પી.એમ.જે.એ.વાય. કાર્ડ વગેરેની મહિતી આપેલ. આ કાર્યક્રમમાં એમ.પી.એચ.એસ. ભરતભાઈ, એમ.પી.એચ.ડબ્લ્યુ. મયુરભાઈ, સી.એચ.ઓ. જીનલબેન, દિપ્તીબેન અને દમયંતીબેન હાજર રહેલ. તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહેલ.

# રોટરી કલબ અમરેલી ગીરનો છઠ્ઠો પદગ્રહણ સમારંભ યોજાયો






અમરેલી ખાતે રોટરી કલબ ગીરનો પદગ્રહણ સમારોહ યોજાયો.ગવર્નર રોટે. તુષારભાઈ શાહ દ્વારા પ્રેસિડેન્ટ તરીકે રોટે. ડો. મનીષ વાકોત્તર અને સેક્રેટરી તરીકે રોટે. સુરેશ ત્રિવેદી અને બોર્ડ મેમ્બરને શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે ડીસ્ટ્રીક ૩૦૬૦ ના સેક્રેટરી રોટે. ચિરાગભાઈ ત્રિવેદી, આસીટન્ટ ગવર્નર રોટે. જીતેન્દ્રભાઈ માંડલિક, રોટરી કલબ અમરેલી, વેપારી મહામંડળ, ટાવર ચોક વેપારી ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ લાયન્સ કલબના મેમ્બરો હાજર રહ્યા હતા. રોટરી વર્ષ ૨૦૨૩–૨૪ માં રોટરી ડિસ્ટ્રિક ૩૦૬૦ માં રોટરી કલબ ઓફ અમરેલી ગીરના રોટે. દેવદત્ત જાનીને આસિસ્ટન્ટ ગવર્નર, રોટે. પ્રતીક સંઘરાજકાને ડિસ્ટ્રિકટ ડેવલપમેન્ટ એન્ડ રીટેનશન ચેર, પાસ્ટ પ્રેસિડેન્ટ રોટે. પિયુષ અજમેરાને કલસ્ટર વન કો–ઓર્ડીનેટર ફોર આર્ટિફિશિયલ લીંબ્સ, આઈ.પી.પી. રોટે. અંબરીશ રાજયગુરૂ કલસ્ટર વન કો–ઓર્ડીનેટર ફોર રોટરી ફેમિલી એકસચેન્જ, રોટે. ધવલ ઠાકરને કલસ્ટર વન કો–ઓર્ડીનેટર આનંદગ્રામ તથા રોટે. નીરવ ઝિંઝુવાડીયાને કલસ્ટર વન કો–ઓર્ડીનેટર ફોર પ્રોજેક્ટ હૂંફની જવાબદારી રોટરી ડિસ્ટ્રિકટ ૩૦૬૦ દ્વારા એનાયત થયેલ છે.

# બગસરા : ચાલુ વરસાદમાં વૃધ્ધ માવતરોને VSSM દ્વારા રાશનકીટનું વિતરણ







વૃદ્ધાવસ્થામાં કોઈની ઓશિયાળી જિંદગી જીવવી ના પડે તે માટે બગસરા, સાપર, કોલડા, કુંકાવાવ ગામમાં રહેતા વૃદ્ધ, અશકત, નિરાધાર, માવતરો કે જેમની ઉંમર થતા કામ કરી શકતા નથી તેમજ ગંભીર પ્રકારની બીમારી હોય તેવા માવતરોના જીવન નિર્વાહ માટે વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થા દ્વારા મિત્તલબેન અને ડિમ્પલબેનના માર્ગદર્શન હેઠળ દર મહિને રાશનકીટ આપવામાં આવે છે. જેમાં આ માવતરોને કરિયાણાની બધી જ વસ્તુઓ આપવામાં આવે છે. અમરેલી જિલ્લાના સંયોજક રમેશભાઈ મકવાણા દ્વારા જુલાઈ–૨૦૨૩ની રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યું. તમામ માવતરોએ હરખથી આશીર્વાદ આપી અને ખુશી વ્યકત કરતા બોલ્યા કે ભગવાન તમારા જેવા મદદરૂપ થનાર સૌનું ભલું કરે... વૃદ્ધ માવતરોને દર મહિને રાશનકીટમાં કરીયાણાની તમામ વસ્તુઓ વિના મૂલ્યે આપવામા આવે છે એવું રમેશભાઈએ જણાવ્યું હતું. **તસ્વીર : સમીર વિરાણી–બગસરા**

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીમાં છેલ્લા ૨ વર્ષથી બંધ થયેલ**

જેથી છેલ્લા બે વર્ષથી અહીં જો છાત્રાલયમાં વિદ્યાર્થીઓ રહે તો વિદ્યાર્થીઓ પર તોળાતા મોતના જોખમ સામે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ચાલતું છાત્રાલય બંધ કરી દેવામા આવેલ છે.

અમરેલી શહેરના સાવરકુંડલા બાયપાસ ચાર રસ્તાની બાજુમાં આવેલ ડો.બાબાસાહેબ આંબેડકર કુમાર છાત્રાલયના બિલ્ડીંગની હાલત સાવ ખંઢેર બની છે. અહીં કુમાર છાત્રાલયનું બિલ્ડીંગ ગમે ત્યારે ધરાશાયી થાય તેવી પણ ભિતી સેવાઈ રહી છે. હાલ આ ખંઢેર અને જર્જરિત છાત્રાલયમા વિદ્યાર્થીઓને બે વર્ષથી એડમિશન આપવામાં આવતું નથી.

બિલ્ડીંગમા ગમે ત્યારે કોઈ મોટી દુઘર્ટના સર્જાય તે પહેલા તંત્ર દ્વારા આ બિલ્ડીંગને તોડી પાડી નવું બિલ્ડીંગ બનાવવામાં આવે તે જરૂરી બન્યું છે.

એસ.સી./એસ.ટી. અને ઓબીસીના બાળકો હોસ્ટેલમા રહી અભ્યાસ કરી શકે તે માટે અમરેલી શહેરના સાવરકુંડલા બાયપાસ ચાર રસ્તા નજીક ડો.બાબાસાહેબ આંબેડકર કુમાર છાત્રાલય છેલ્લા વીસેક કરતા વધુ વર્ષથી આવેલી છે. જયાં અનુસુચિત જાતિ, જનજાતિ અને ઓબીસના વિદ્યાર્થીઓ આ છાત્રાલયમા વસવાટ કરી અભ્યાસ કરી રહ્યાં હતા.

હાલ આ હોસ્ટેલની બિલ્ડીંગની હાલત ભૂતિયા ખંઢેર જેવી થઈ ગઈ છે, અને જર્જરિત બિલ્ડીંગના લીધે પડુપડુ થયેલ બિલ્ડીંગમાં છેલ્લા બે વર્ષથી વિદ્યાર્થીઓને એડમિશન આપવાનું બંધ કરી દેવામા આવેલ છે. આ છાત્રાલયમાં આજુબાજુના જિલ્લા,તાલુકા, ગામડાઓ અને અન્ય શહેરમાંથી પણ વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે આવે છે.

પરંતુ આ છાત્રો ભયજનક બિલ્ડીંગમાં રહી અભ્યાસ કરતા હોવાથી મોતના મુખમાં હોય તેવુ લાગી રહ્યુ હતું કેમ કે, હાલમાં છાત્રાલયની હાલત અતિ બિસ્મારમાં જોવા મળે છે અને બિલ્ડીંગ કયારે ધરાશાયી થાય તે નક્કી જ નથી. જેના કારણે અનેક છાત્રોનો જીવ જોખમમાં હતા, જેથી અન્ય જગ્યાએ ભાડે મકાન મેળવી કુમાર છાત્રાલય ચાલુ કરવા સમાજ કલ્યાણ વિભાગ તરફથી સાત વાર સ્થાનિક ન્યુઝ પેપરોમા જાહેરાત આપવામાં આવી છતાંપણ બિલ્ડીંગ મળેલ નથી.

ભૂતકાળમા આ કુમાર છાત્રાલય અવારનવાર બનતા કિસ્સાઓને લઈને ખાસ ચર્ચામાં રહી છે. જેમાં બહારથી અભ્યાસ અર્થે આવતા છાત્રોને સ્થાનિક આવારા તત્વો દ્વારા હેરાન કરવામાં આવતા હોય, પીવાના ગંદા પાણીની સમસ્યા, હોસ્ટેલમાં જમવાનું ખરાબ આપવામાં આવતુ, પૂરતા બેડ–પલંગ, કબાટ, ગાદલા, ધાબળા માટે આંદોલન વિગેરે બાબતોને લઈને છાત્રાલય ખુબ જ ચર્ચામાં રહી છે.

જે હાલમાં આ છાત્રાલયની બિલ્ડીંગ અતિ બિસ્માર હાલતમાં જોવા મળી છે અને ખાસ કરીને બિલ્ડીંગના બીમોમાં સળીયા દેખાઈ ગયા છે. તેમજ દરેક રૂમની અંદર સ્લેબના પોપડા ખરી રહ્યા છે.

બે વર્ષ પહેલા છાત્રાલયમાં રહેતા છાત્રોમાં પણ ભારે ભયનો માહોલ સર્જાઈ રહ્યો હતો જેના કારણે છાત્રોના વાલીઓમાં પણ ભારે રોષ જોવા મળેલ હતો. તેમજ છાત્રાલયના શૌચાલય, બાથરૂમની હાલત નર્ક જેવી હતી જેના લીધે છાત્રો બીમાર પડી રહ્યા હતા, અપુરતી સુવિધાઓને લીધે છાત્રોના ભણતર પર ભારે અસર પડી હતી. હોસ્ટેલ બંધ થતા વિદ્યાર્થીઓના બંધારણીય અને માનવ અધિકારોનો ભંગ થઈ રહ્યો છે.

આ બધી બાબતોને ધ્યાને લઈ અનુસૂચિત જાતિ, જન જાતિ અને ઓબીસીના બાળકોને હોસ્ટેલમાં રહી અભ્યાસ કરવાનો લાભ મળે તે માટે તાત્કાલિક અમરેલી શહેરમાં બે વર્ષથી બંધ કરવામાં આવેલ ડો. બાબાસાહેબ આંબેડકર કુમાર છાત્રાલયનું નવું બિલ્ડીંગ બનાવવામાં આવે અને આ વર્ગના બાળકો અભ્યાસ કરવા માટે રહેવા જમવા સાથેની હોસ્ટેલ તાત્કાલિક બાંધવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૮૫ | ૧૫૪૮ |
| ૨ | શિંગ મોટી | ૯૨૫ | ૧૬૧૨ |
| ૩ | શિંગદાણા | ૧૬૦૦ | ૨૦૯૫ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૬૬૫ | ૧૯૯૦ |
| ૫ | તલ સફેદ | ૧૬૦૦ | ૩૩૧૯ |
| ૬ | તલ કાળા | ૧૭૧૦ | ૩૩૩૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૭૦૫ | ૩૪૪૭ |
| ૮ | બાજરો | ૩૫૯ | ૪૦૦ |
| ૯ | જુવાર | ૫૪૧ | ૧૦૬૫ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૦૩ | ૫૪૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૬ |
| ૧૨ | મગ | ૧૨૧૦ | ૧૫૫૧ |
| ૧૩ | ચણા | ૬૨૦ | ૯૬૪ |
| ૧૪ | ચણા દેશી | ૮૩૨ | ૯૨૦ |
| ૧૫ | તુવેર | ૭૩૦ | ૧૫૮૨ |
| ૧૬ | કપાસ | ૯૫૧ | ૧૪૨૬ |
| ૧૭ | એરંડા | ૧૦૫૫ | ૧૧૦૧ |
| ૧૮ | જીરૂ | ૯૨૦૦ | ૧૧૬૦૦ |
| ૧૯ | ધાણા | ૮૨૦૦ | ૧૩૧૫ |
| ૨૦ | ધાણી | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૨૧ | અજમા | ૨૯૯૦ | ૩૮૫૦ |
| ૨૨ | મેથી | ૬૭૫ | ૧૨૭૬ |
| ૨૩ | સોયાબીન | ૭૩૬ | ૯૩૫ |

પાના ૧ ઉપરનું ચાલું **દામનગર નજીક આવેલ મેથળી ગામનું**

રળિયામણા અને સુંદર જોવા મળે છે. લાઠી તાલુકાના દામનગર–ભુરખિયા વચ્ચે આવેલ મેથળી ગામનું વર્સો જૂના તળાવમાં ઉપરવાસમાં બે દિવસથી વરસી રહેલા વરસાદને હિસાબે ભરપૂર નીર આવતા, સોમવારે સાંજના સમયે છલકાઈ જતા ગ્રામજનોએ વધામણા કરી, રાજી–રાજી થઈ ગયા હતા. પાણીની ખુબજ આવકથી આ તળાવ સોહામણું અને ખુબજ સુંદર લાગી રહ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું **ગીર ગઢડામાં હુમલો કરી**

હોય ત્યારે રિશિત ચાંદરાણી વાળાઓ પર હુમલો કરતાં બુમાબુમ કરતા માતા અલ્કાબેન ચાંદરાણી છોડાવવા જતા તેમના પર પણ હુમલો કરેલ હોય ત્યારે માતા અને પુત્ર બંને બુમાબુમ કરતા રાજુભાઈ વાઘેલા નામના યુવકે માતા પુત્રને મોતના મુખમાંથી છોડાવ્યા હતા ત્યારે દીપડો હુમલો કરી નાશી છૂટયો હોય જે અંગેની જાણ ગ્રામજનો દ્વારા પોલીસ અને વન વિભાગને કરવામાં આવી હતી અને હુમલો કરી નાશી છુટનાર દિપડાએ ગીર ગઢડામાં આંતક મચાવ્યો હતો. ત્યારે જસાધાર વન વિભાગ અને બાબરીયા વન વિભાગના અધિકારીઓ તેમજ પોલીસ સ્ટાફ તપાસ કરતા હોય તે સમય દરમિયાન દીપડાએ અચાનક જ વન વિભાગના અધિકારી દિલીપ ડી. સરવૈયા પર હુમલો કરતા તાત્કાલિક ગીર ગઢડા સિવિલ હોસ્પિટલ અને વધુ સારવાર અર્થે ઉનાખસેડવામાં આવ્યા હતા ત્યારે દીપડો હિંસક પ્રાણી હોય અને ત્રણ જેટલા લોકો પર હુમલો કરેલ હોય અને બે ઘરમાં અલગ અલગ દીપડાઓ ઘૂસી ગયેલ હોય તેની આજુબાજુના ભાગે લોકો કુતુહલ વસ એકઠા થયા હતા. જેમને પોલીસ દ્વારા દૂર કરવામાં આવ્યા હતા.

આ હુમલાખોર બંને નર અને માદા દીપડાઓમાં એક દીપડો જતીનભાઈ ચૌહાણના ઘરના ફળિયામાં બનાવેલ મેડામાં લિપટાઈને બેસી ગયેલ હતો અને બીજો રાજીબેન બારૈયાના કાચા મકાનમાં ઘૂસી ગયેલ હોય ત્યારે જસાધાર વન વિભાગ બાબરીયા વન વિભાગના ફોરેસ્ટ ટીમ ડોકટર ટીમ સહિતનાઓ દ્વારા જતીનભાઈ ચૌહાણના રહેણાંકીય મકાનમાં આવેલ મેડા પર લિફટાઈને બેસી જતા વન વિભાગને નિશાન લગાવવું ખૂબ જ અઘરૂં બન્યું હતું અને ટૅન્કયુલાઈઝ ગન દ્વારા ચાર જેટલા ઈન્જેકશન મારવામાં આવતા માંડમાંડ દિપડો બેભાન થયો હતો જયારે રાજીબેન બારૈયાના રહેણાકીય કાચા મકાનમાં રહેલ દીપડાને નળિયાવાળા મકાનના ઉપરના ભાગેથી ટૅન્કયુલાઈઝ ગન દ્વારા બે જેટલા ઈન્જેકશન મારવામાં આવ્યા હતા અને બંને નર અને માદા દીપડાનું સતત ત્રણ કલાકથી વધુ સમય સુધી દિલધડક રેસ્કયુ કરી જસાધાર એનિમલ કેર સેન્ટર ખસેડવામાં આવતા ગ્રામજનોએ રાહતનો ાસ લીધો હતો.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૧ | ૧૪૩૧ |
| ૨ | ચણા | ૮૦૦ | ૮૦૦ |
| ૩ | ધાણા | ૭૦૦ | ૭૦૦ |
| ૪ | શીંગ દાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૫ | અજમા | ૧૫૫૧ | ૧૫૫૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૭ | ૧૪૩૩ |
| ૨ | મગફળી | ૧૨૬૯ | ૧૪૨૧ |
| ૩ | તલ સફેદ | ૨૪૪૦ | ૩૨૬૦ |
| ૪ | ઘઉં | ૪૧૫ | ૪૮૫ |
| ૫ | ચણા | ૯૦૪ | ૯૨૬ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૫૨૧ |
| ૨ | શીંગદાણા | ૧૬૦૦ | ૨૦૫૧ |
| ૩ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૨૨૫ |
| ૪ | તલ કાળા | ૨૭૦૦ | ૩૨૫૦ |
| ૫ | જીરૂ | ૧૦૫૦૦ | ૧૨૪૫૦ |
| ૬ | કપાસ | ૧૨૦૦ | ૧૩૮૫ |
| ૭ | ઘઉં લોકવન | ૪૪૧ | ૪૮૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૪૬ | ૫૩૮ |
| ૯ | બાજરો | ૩૭૫ | ૪૩૭ |
| ૧૦ | જુવાર | ૫૭૦ | ૯૬૧ |
| ૧૧ | ચણા | ૮૬૫ | ૯૬૮ |
| ૧૨ | એરંડી | – | ૧૧૦૪ |
| ૧૩ | રાય | – | ૧૧૮૫ |
| ૧૪ | અજમા | – | ૩૧૮૦ |
| ૧૫ | ધાણા | – | ૧૦૫૦ |
| ૧૬ | સોયાબીન | ૮૦૦ | ૮૬૦ |

### બિલ્ડર લોબી સામે કાર્યવાહીના લાંબા સમયે સર્ચ ઓપરેશન

# રાજકોટમાં આઈટીની ૨૦ ટીમો દ્વારા ૧૮થી વધુ સ્થળોએ કાર્યવાહી

## જાણીતા રાધિકા જ્વેલર્સ અને શિલ્પા જ્વેલર્સને ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું

રાજકોટ, તા.૧૧

રાજકોટમાં બિલ્ડર લોબી પર કાર્યવાહી કર્યાના લાંબા સમય બાદ આવકવેરા વિભાગે સર્ચ ઓપરેશ હાથ ધર્યુ હતું જેમા મોટા જ્વેલર્સને ત્યાં દરોડા પાડવામાં આવ્યા છે. આવકવેરા વિભાગની ૨૦ ટીમો દ્વારા ૧૮થી વધુ સ્થળોએ કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટમાં આજે આવકવેરા વિભાગ દ્વારા અનેક જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા છે જેમા જાણીતા રાધિકા જ્વેલર્સ અને શિલ્પા જ્વેલર્સને ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતું. આજે વહેલી સવારથી જ જુદી-જુદી ટુકડીઓ દ્વારા અલગ અલગ ૧૮થી વધુ સ્થળોએ કાર્યવાહી કરી હતી. જેમાં રાજકોટના પેલેસ રોડ, સોની બજારમાં આવેલા શોરુમ તેમજ અક્ષર માર્ગ-અમીન માર્ગ પર આવેલો શો રુમ પર આવકવેરા વિભાગે કાર્યવાહી કરી હતી. આજે રાજકોટમાં જ્વેલર્સને ત્યા અચાનક દરોડા પડતા સોની વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

રાધિકા જ્વેલર્સના માલિક પ્રભુદાસ પારેખના એટલાન્ટિસ ખાતે બી-૩ના પાંચમા માળે આવેલા ફ્લેટ ઉપર તેમજ પાંચમા મળે રહેતા હિરેન પારેખને ત્યાં પણ આવકવેરાના અધિકારીઓ પહોંચ્યા હતા. આ સિવાય એટલાન્ટિસમાં જ આઠમા માળે રહેતા ભાસ્કર પારેખને ત્યાં પણ તપાસ આદરી હતી. આ ઉપરાંત રાધિકા જ્વેલર્સવાળા અશોકભાઈ બાબરાવાળા અને હરેશ બાબરાવાળાને ત્યાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા. એટલાન્ટિસના ફ્લેટની સાથે પંચવટી નજીક આવેલા ફ્લેટમાં પણ એક ઈક્વાયરી ચાલી રહી હોવાનું સુત્રોમાંથી જાણવા મળ્યુ હતું. આ સાથે રાધિકા જ્વેલર્સના કલકત્તા ખાતે આવેલા જ્વેલર્સમાં પણ તપાસ ચાલી રહી હોવાના સંકેત મળ્યા હતા. તપાસના અંતે મોટા પાયે બેનામી વ્યવહારો મળી આવે તેવી શક્યતા છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી લોકસભા વિસ્તારનાં ખેડૂતોને**

સાંસદ દ્વારા તાત્કાલિક ટેલીફોનીક રજૂઆત કરવામાં આવી છે. ત્યારે આ બંને નેતાઓ દ્વારા પણ અમરે લી વિસ્તારના ખેડૂતો માટે જરૂરિયાત મુજબનું યુરિયા ખાતર મળી રહે તે માટેની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે. તેવી સાંસદને ખાત્રી આપવામાં આવેલ હોવાનું સાંસદ કાર્યાલયની અખબારી યાદીમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **ઉનાનાં ભાચા ગામે**

રવજીભાઈએ વહેંચી નાખેલ હોય ત્યારે રવજીભાઈના પત્ની ગીતાબેન સાંખટ, પુત્ર હિરેન સાંખટે પિતા રવજીભાઈને કહેલ કે તમે મને પૂછયા વગર પ્લોટ કેમ વહેંચી નાખ્યો છે ? ત્યારે રવજીભાઈના માતાએ કહેલ કે આ પ્લોટ મારા પતિનો છે અને પૈસાની જરૂર હતી તે માટે વહેંચી નાખેલ છે તેમ કહેતા રવજીભાઈના પત્ની ગીતાબેન અને પુત્ર હિરેન એકદમ ઉશ્કેરાઈ જઈ અપશબ્દ બોલી ઢીકાપાટુ અને લાકડાના ધોકા વડે આડેધડ મારતા ૧૦૮ ની મદદથી ઉના સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાતા રવજીભાઈ સાંખટે પત્ની ગીતાબેન રવજીભાઈ સાંખટ અને પુત્ર હિરેનભાઈ રવજીભાઈ સાંખટ રહે. બંને ભાચા, તા. ઉના વાળાઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોધી કાર્યવાહી હાથ ધરી હતી.

પાના ૮ ઉપરનું ચાલું **શ્વાનને હડકવા ઉપડતા**

અનેક લોકોને તથા પશુઓ પર હુમલો કરી બચકાં ભરતા ઈજાઓ પહોંચાડી હતી. તમામ બાળકોને સારવાર અર્થે ઉના હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.

એલમપુર ગામે હડકાયા શ્વાનએ આતંક મચાવતા ત્રણ વ્યકિતઓને જેમાં પુનીબેન કાના મકવાણા, વર્ષ બીજલ બાંભણીયા તેમજ કાનજી ઓઘડ સાંખટ આમ કુલ ત્રણ એક બાળકીનો સમાવેશ થાય છે. તમામ લોકોને શ્વાનએ બચકા ભરતા ઈજાઓ પહોંચાડી હતી. તેમજ ચાર જેટલાં પશુઓને પણ શ્વાને ઈજા કરતા તાત્કાલિક બાળકોને ઉના સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતાં. જોકે શ્વાન હડકાયા થતા ગ્રામજનોમાં ભયનું વાતાવરણ ફેલાઈ ગયું હતું. આ હડકાયા શ્વાનોને તાત્કાલિક પકડી દૂર ખસેડવા ગ્રામજનોની માંગ ઉઠવા પામેલ અને અંતે ગ્રામજનો એ જ હડકાયા શ્વાનને મોતને ઘાટ ઉતાર્યો હતો.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૨૫ | ૧૩૨૧ |
| ૨ | ઘઉં | ૪૪૬ | ૪૭૧ |
| ૩ | ધાણા | ૯૬૫ | ૧૧૫૫ |
| ૪ | સોયાબીન | ૮૮૪ | ૯૦૧ |
| ૫ | શીંગ દાણા | ૧૫૬૦ | ૧૯૦૫ |
| ૬ | મેથી | ૧૧૯૦ | ૧૧૯૦ |
| ૭ | જુવાર | ૪૪૬ | ૪૪૬ |
| ૮ | એરંડા | ૧૧૫૦ | ૧૧૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ૨ | ચણા | ૬૧૦ | ૯૩૩ |
| ૩ | ઘઉં લોકવન | ૩૯૨ | ૫૧૧ |
| ૪ | સોયા | ૯૦૪ | ૯૧૪ |
| ૫ | મગફળી | ૮૦૫ | ૧૪૨૫ |
| ૬ | શીંગ દાણા | ૧૭૧૦ | ૧૯૮૬ |
| ૭ | તલ સફેદ | ૨૬૩૦ | ૩૦૬૦ |
| ૮ | ધાણા | ૯૨૫ | ૧૨૭૦ |
| ૯ | બાજરો | ૪૫૨ | ૪૫૨ |
| ૧૦ | મગ | ૧૫૨૦ | ૧૬૪૦ |
| ૧૧ | રાય | ૧૦૨૪ | ૧૦૨૪ |
| ૧૨ | જુવાર | ૫૨૬ | ૫૨૬ |
| ૧૩ | મકાઈ | ૫૫૦ | ૫૫૦ |
| ૧૪ | ચણા સફેદ | ૧૨૯૫ | ૧૨૯૫ |
| ૧૫ | લસણ | ૧૨૮૫ | ૧૨૮૫ |
| ૧૬ | મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |


### જાહેર નોટિસ

**અમરેલીના મહે. પાંચમા એડીશ્નલ ડિસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમાં રૂમ નં.૧૧૬, મુકામ : અમરેલી.**

દિવાની પરચુરણ અરજ નં. ૦૮/૨૦૧૧
મુદત તા. ૨૦/૦૭/૨૦૨૩

અરજદાર : (૧) રાજલબેન ભગવાનભાઈ શેલડીયાના વાલી તથા ઈષ્ટમિત્ર દરજજે ચંપાબેન ભગવાનભાઈ શેલડીયા
રહે. દેવગામ, તા. કુંકાવાવ વડિયા, જી. અમરેલી.

અરજદારના વિ.વ. શ્રી એ.ટી. વોરા

**વિરૂધ્ધ**

સામાવાળા : ....................ooo....................

**જાહેર નોટિસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસ આપી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારે અત્રેની અદાલતમાં ઉપરોકત દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે જે મુજબ અમરેલી જિલ્લાના કુંકાવાવ વડીયા તાલુકાના દેવગામ મુકામે રે.સર્વે.નં. ૭૫ ની જુની શરતની લંઘાવાડી તરીકે ઓળખાતી ખેતીની જમીન હે.આરે.ચો.મી. ૫–૧૧–૯૩ ની જીરાયત પ્રકારની જમીન આવેલી છે. જે જમીનમાં અરજદારની પુત્રી **રાજલબેન ભગવાનભાઈ શેલડીયા** પણ સંયુકત હિસ્સેદાર છે. તેમજ સર્વે નં. ૯૭/૧ ની જુની શરતની છોબનવાળી વાળુ તરીકે ઓળખાતી ખેતીની જમીન હે.આરે. ચો.મી. ૨–૯૧–૩૭ ની જીરાયત પ્રકારની ખેતીની જમીનો વેચાણ કરવા પરવાનગી મેળવવા અત્રેની કોર્ટમાં હાલની અરજ કરેલ છે.જે અરજીની સામે કોઈને વાંધો તકરાર હોય તેઓએ તેમના આધાર પુરાવા સાથે **મુ.તા.૨૦/૭/૨૩** ના રોજ અત્રેની કોર્ટમાં સવારે ૧૦:૪૫ કલાકે હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થશે તો નામ. કોર્ટ કાયદા મુજબ આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરશે જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

આજ તા. ૧૯મી માહે જુન સને ૨૦૨૩ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યા.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| (એચ.એમ. આસ્તિક) | સિક્કો | (એચ.કે. મારૂ) | (સી.પી. વાઢેર) |
| આસીસ્ટન્ટ | | શિરસ્તેદાર | ડે. રજીસ્ટ્રાર |
| પાંચમી એડીશ્નલ | | ઈ/ચા. પાંચમી એડીશ્નલ | (જયુડી.ડિસ્ટ્રીકટ કોર્ટ) |
| ડિસ્ટ્રીકટ કોર્ટ, અમરેલી | | ડિસ્ટ્રીકટ કોર્ટ, અમરેલી. | અમરેલી. |


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૩૦૦ | ૧૩૨૫ |
| ૨ | તલ સફેદ | ૨૪૦૦ | ૩૨૦૧ |
| ૩ | તલ કાળા | ૨૭૦૦ | ૨૭૦૦ |
| ૪ | કપાસ | ૧૨૭૫ | ૧૪૦૦ |
| ૫ | બાજરો | ૪૪૦ | ૪૭૭ |
| ૬ | ઘઉં ટુકડા | ૩૬૧ | ૫૦૧ |
| ૭ | જુવાર | ૫૭૦ | ૧૦૯૧ |
| ૮ | મકાઈ | ૫૮૦ | ૫૮૦ |
| ૯ | મેથી | ૮૦૦ | ૮૦૦ |
| ૧૦ | અજમા | ૨૨૫૦ | ૨૨૫૦ |
| ૧૧ | તુવેર | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૨ | ચણા | ૮૩૧ | ૯૨૫ |
| ૧૩ | શીંગદાણા | ૧૭૦૦ | ૨૧૬૦ |

### ખેડૂતો માટે ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય

# ખેડૂતોના હિતાર્થે રૂ. ૪૫ કરોડની જોગવાઈ સાથે વધુ એક યોજના અમલમાં મૂકાઇ

## રાજ્યના ફળપાકોની ઉત્પાદકતા વધારવા ખેડૂતોને આંબા, જામફળ અને કેળ પાકમાં અપાશે આર્થિક સહાય

અમદાવાદ, તા.૧૧

દેશના ખેડૂતોની આવક બમણી કરવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નિર્ધાર કર્યો છે. ગુજરાતના ખેડૂતોની આવકમાં પણ વધારો થાય તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજ્યના ખેડૂતો ખેતીની પરંપરાગત પદ્ધતિ ઉપરાંત વૈજ્ઞાનિક અભિગમ સાથેની આધુનિક પદ્ધતિ અપનાવીને વધુ આવક મેળવી શકે તે માટે તાજેતરમાં જ ગુજરાત સરકાર દ્વારા વધુ એક નવી યોજના અમલમાં મૂકવામાં આવી છે.

બાગાયત ખાતા દ્વારા અમલમાં મૂકાયેલી નવી યોજના અંગે માહિતી આપતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ફળપાકોના એકમ વિસ્તારમાં મહત્તમ ફળઝાડના વાવેતર થકી ખેડૂતો વધુ ઉત્પાદન મેળવી શકે છે. રાજ્યના ખેડૂતો ક્રોપ ડાઈવર્સીફીકેશન કરી આંબા અને જામફળ સહિતના ફળપાકમાં ઘનિષ્ઠ ખેતી પદ્ધતિ તેમજ કેળ પાકમાં ટીસ્યુકલ્ચર ટેકનોલોજી અપનાવી પોતાની આવકમાં વધારો કરી કરી શકે છે. રાજ્યના ખેડૂતો બાગાયતી પાકોમાં ફળપાકોનું ગુણવત્તાયુક્ત કલમો અને રોપાથી વાવેતર કરતા થાય તે માટે જ રાજ્ય સરકારે વધુ એક પ્રોત્સાહક યોજના અમલમાં મૂકી છે. આ યોજના માટે રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષના બજેટમાં રૂ. ૪૫૦૦ લાખ જેટલી માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે.મંત્રી વધુ વિગતો આપતા ઉમેર્યું હતું કે, આ નવી યોજના હેઠળ ખેડૂતોને આંબા પાકના વાવેતરમાં કલમ દીઠ મહત્તમ રૂ. ૧૦૦ અથવા પ્રતિ કલમ ખરેખર થયેલ ખર્ચ બંનેમાંથી જે ઓછું હોય તેને ધ્યાને લઈ મહત્તમ રૂ. ૪૦,૦૦૦ પ્રતિ હેક્ટર સહાય આપવામાં આવશે. આ ઉપરાંત પ્રથમ વર્ષે આંતર પાકમાં અન્ય બાગાયતી પાકના પ્લાન્ટિંગ મટીરીયલના ખર્ચના ૫૦ ટકા લેખે મહત્તમ રૂ. ૧૦,૦૦૦ પ્રતિ હેક્ટર સહાય ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં આપવામાં આવશે.

તેમણે ઉમેર્યું કે, જામફળ પાકમાં કલમ કે ટીસ્યુ રોપા દીઠ મહત્તમ રૂ. ૮૦ અથવા પ્રતિ કલમ/ટીસ્યુ રોપા દીઠ ખરેખર થયેલ ખર્ચ બંનેમાંથી જે ઓછું હોય તેને ધ્યાને લઈ મહત્તમ રૂ. ૪૪,૦૦૦ પ્રતિ હેક્ટર સહાય આપવામાં આવશે. પ્રથમ વર્ષે આંતર પાકમાં અન્ય બાગાયતી પાકના પ્લાન્ટિંગ મટીરીયલના ખર્ચના ૫૦ ટકા લેખે મહત્તમ રૂ. ૬,૦૦૦ પ્રતિ હેક્ટર સહાય ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં આપવામાં આવશે. આવી જ રીતે કેળપાકમાં પણ ટીસ્યુકલ્ચર રોપા દીઠ મહત્તમ રૂ.૫ સહાય ધ્યાને લઈ મહત્તમ રૂ. ૧૫,૦૦૦ પ્રતિ હેક્ટર સહાય આપવામાં આવશે.

મંત્રી પટેલે કહ્યું હતું કે, આ યોજના થકી ગુજરાતમાં આંબા પાકનો વાવેતર વિસ્તાર ૨૫૦૦ હેક્ટર, જામફળ પાકનો વાવેતર વિસ્તાર ૨૦૦૦ હેક્ટર તથા કેળ પાકનો વાવેતર વિસ્તાર ૧૫,૦૦૦ હેક્ટર વિસ્તાર મળી રાજ્યમાં બાગાયતી પાકનો વાવેતર વિસ્તાર કુલ ૧૯,૦૦૦ હેક્ટર જેટલો વધારવાનું રાજ્ય સરકારનું આયોજન છે.

આ લક્ષ્યાંકને પહોંચી વળવા બાગાયત ખાતાની નવી યોજના ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. સંપૂર્ણપણે પારદર્શિતાના અભિગમ સાથે ફળ પાક ઉત્પાદકતા વધારવા માટેના આ કાર્યક્રમ અંતર્ગત મળવાપાત્ર સહાય DBTના માધ્યમથી સીધા જ ખેડૂતોના ખાતામાં ચૂકવવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

### દિલ્હીથી હિમાચલ સુધી માત્ર પાણી જ પાણી, હાઈવે તણાયા

# ઉત્તર ભારતમાં વરસાદના કારણે ૪૧ લોકોનાં મોત નિપજયા

નવી દિલ્હી, તા.૧૧

અત્યારે ઉત્તર ભારતમાં ચોમાસાનો પ્રકોપ જોરદાર જોવા મળ્યો છે. અહીં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ ખાબકી રહ્યો છે. તેવામાં પહાડો પરથી પથ્થરો નીચે પડી રહ્યા છે. રસ્તાઓ તણાઈ રહ્યા છે. એટલું જ નહીં ઘરોમાં પાણી ઘૂસી જતા જનજીવન ખોરવાઈ ગયું છે. અહીં આસપાસ પાર્ક કરેલી ગાડીઓ અને અન્ય શહેરોમાં ભારે નુકસાન થયું છે. આ મેઘતાંડવ વચ્ચે મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ઉત્તર ભારતમાં કુલ ૪૧ લોકોનાં મોત નીપજ્યા છે. હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદસિંહે જણાવ્યું કે આ વરસાદના કારણે ભારે નુકસાન પહોંચ્યું છે. એટલું જ નહીં પબ્લિક પ્રોપર્ટીને પણ ભારે નુકસાન પહોંચ્યું છે. આ દરમિયાન કુલ ૪ હજાર કરોડ રૂપિયાનો ફટકો પડ્યો છે. અહીં જાહેર માર્ગો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પાવર ટ્રાન્સફોર્મર્સ, ઈલેક્ટ્રિક સબ-સ્ટેશન, વિવિધ વોટર સપ્લાય સ્કિમને ભારે નુકસાન પહોંચ્યું છે. અંદાજે ૪,૬૮૬ ટ્રાન્સફોર્મર્સને પણ મોટાપાયે નુકસાન થયું છે. મનાલી- લેહ નેશનલ હાઈવે ધરાશાયી થઈ ગયો હતો. અત્યારે ૩૦૦ ટૂરિસ્ટ અને રેસિડન્ટ્સને આ વિસ્તારોમાંથી બહાર કાઢવાના પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે. વેધર કંડિશનનું ધ્યાન રાખી હેલિકોપ્ટર દ્વારા તેમનું રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ચામ્બા જિલ્લામાં અત્યારે ૭૦ લોકોને ખસેડવાનું કામ કરાઈ રહ્યું છે. વળી શ્રીખંડ મહાદેવ યાત્રા છે તેને અનિશ્ચિત કાળ સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. કારણ કે અહીં આ સિઝનમાં જ ૬ લોકોના મોત આ સમય વચ્ચે થયા હતા. જેથી કરીને આ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. નોંધનીય છે કે પંજાબમાં પણ અત્યારે વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ પડી રહ્યો છે. આ દરમિયાન ૩ લોકોના મોત થયા છે. જોકે હવે વિવિધ જિલ્લાઓમાં જે પ્રમાણે પૂર આવ્યું છે અને જાહેર મિલકતને નુકસાન પહોંચ્યું છે એને જોતા રેસ્ક્યૂ ટીમને ત્યાં તૈનાત કરી દેવામાં આવી છે. ૧૪ NDRFની ટીમ, ૨ SDRFની ટીમ તથા આર્મી અને પોલીસના જવાનો પણ લોકોની મદદે પહોંચ્યા છે. ભગવંત માને જનતાની પડખે ઊભા રહેવાનું જણાવ્યું છે. તેમણે જે કઈપણ પાકને નુકસાન પહોંચી રહ્યું છે તેના નુકસાનને પહોંચી વળવા માટે મદદ કરવા પણ જણાવ્યું હતું. હવે વાત કરીએ હરિયાણાની તો અહીં નેશનલ હાઈવે, રેલવે સ્ટેર અને બ્રિજ સહિત પાવર સ્ટેશનોને ઘણું નુકસાન પહોંચ્યું છે. અહીં મૃત્યુઆંક વધીને ૫ થઈ ગયો છે. અહીં રમત રમતા ૩ બાળકો ભૂસ્ખલનના કારણે મૃત્યુ પામ્યા હતા. ત્યારે કર્નાલમાં ઘર પડી જતા દંપતિનું મોત નીપજ્યું છે. વળી આ વિસ્તારોમાં આવતી ૫૦થી વધુ ટ્રેનોના રૂટ બદલી દેવાયા છે. અથવા તો કેન્સલ કરી દેવામાં આવી છે. આનાથી શતાબ્દી એક્સપ્રેસથી લઈ ચંદીગઢ અને દિલ્હીના ટ્રેન ટ્રેક્સને પણ નુકસાન પહોંચ્યું છે.

### ગુજરાતનાના આયુષ્માન કાર્ડ ધારકો માટે ખુશીના સમાચાર

# ગુજરાતમાં રૂ.૧૦ લાખની આરોગ્ય વીમા સહાયનો પ્રારંભ

## આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે વિધિવત રીતે આયુષ્માન કાર્ડ અતંર્ગત રૂ.૧૦ લાખની વીમા સહાયનો શુભારંભ કરાવ્યો

અમદાવાદ, તા.૧૧

તારીખ ૧૧ જુલાઈથી સમગ્ર રાજ્યના આયુષ્માન કાર્ડ ધારકો માટે ખુશીના સમાચાર આવ્યા છે. હાલ રાજ્યના ૧.૭૯ કરોડ PMJAY-મા કાર્ડ ધારકોને આયુષ્માન કાર્ડ અંતર્ગત મળતી રૂ. ૫ લાખની આરોગ્ય વીમા કવચની સહાય રૂ. ૧૦ લાખ થઈ છે.

આજે બજાજ ઈન્સોયરન્સ કંપનીના હોદ્દેદારોએ આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની ગાંધીનગર સ્થિત કાર્યાલય ખાતે શુભેચ્છા મુલાકાત કરી હતી. જેમાં આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ, કમિશ્નર શાહમીના હુસૈન, એન.એચ.એમ. ના ડાયરેક્ટર ડૉ. રેમ્યા મોહન અને આયુષ્માન યોજના સાથે સંકળાયેલા ડૉ. જૈન, ડૉ. આનંદ સહિતના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

આ શુભેચ્છા મુલાકાત બાદ મંત્રી ઋષિકેશ પટેલે વિધિવત રીતે આયુષ્માન કાર્ડ અતંર્ગત રૂ.૧૦ લાખની વીમા સહાયનો શુભારંભ કરાવ્યો હતો.

રૂ.૧૦ લાખની આરોગ્ય વીમા સહાયથી હૃદય, કિડની, લીવર, ગર્ભાશય જેવા ટ્રાન્સપ્લાન્ટની સાથે સાથે કોક્લિયર ઈમ્પાન્ટ સહિતની અન્ય જટીલ પ્રકારની સર્જરીઓ પણ હવેથી આ કાર્ડ અંતર્ગત સરળતાથી મળવાપાત્ર બનશે તેમ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

અત્યંત જટીલ અને ખર્ચાળ સર્જરીઓનો લાભ આ વીમા સહાયની રકમ વધતા પરિવાજનોને સરળતાથી મળી શકશે. જેના પરિણામે આયુષ્માન કાર્ડ ધારક પરિવારોની આરોગ્ય સમૃદ્ધિમાં વધારો થશે.

બજાજ કંપનીના હોદ્દેદારો, આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે મળેલી બેઠકમાં આગામી બેંક ઈન્ટીગ્રેશન, રીયલ ટાઈમ ડેટા ટ્રેકીંગના મજબૂતીકરણ, એન્ટી ફ્રોડ એજન્સીની કામગીરીના સુદ્રઢીકરણ, હોસ્પિટલ સંચલાકો માટે નવીન SOP બનાવવી, FAQ (Frequently Ask Questions) તૈયાર કરવાના મુદ્દે વિગતવાર ચર્ચા હાથ ધરાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં આયુષ્માન કાર્ડ અંતર્ગત હાલ ૨૦૨૭ સરકારી અને ૮૦૩ જેટલી ખાનગી તેમજ ૧૮ કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત આમ કુલ ૨૮૪૮ હોસ્પિટલ એમ્પેનલ છે.

આ તમામ એમ્પેનલ હોસ્પિટલમાં કુલ મળીને ૨૪૭૧ જેટલી વિવિધ આરોગ્ય વિષયક પ્રોસીજર , સારવારનો લાભ આયુષ્માન કાર્ડ અંતર્ગત મળશે.

### શિક્ષક બનવાની સરકારે તક આપી

# ગુજરાત સરકાર મોટા પાયે શિક્ષકોની કરશે ભરતી

## પ્રાથમિક શાળા માટે ૧૫,૦૦૦ અને માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળા માટે ૧૧,૫૦૦ જ્ઞાન સહાયકની ભરતી કરવામાં આવશે

અમદાવાદ, તા.૧૧

ગુજરાતમા રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયક હેઠળ ૨૬,૫૦૦ શિક્ષકોની કરાર આધારિત નિમણૂક કરવામાં આવશે.

પ્રાથમિક શાળા માટે ૧૫,૦૦૦ અને માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળા માટે ૧૧,૫૦૦ જ્ઞાન સહાયકની ભરતી કરવામાં આવશે. સાથે જ રાજ્ય સરકાર ખેલ સહાયક યોજના અંતર્ગત ૫૦૭૫ ખેલ સહાયકની કરાર આધારિત નિમણૂંક કરશે. કરાર આધારિત નિમણૂંક મેળવેલ ઉમેદવારોને ૨૧૦૦૦ ઉચ્ચક માનદ વેતન આપવામાં આવશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ નિયમિત ભરતી પદ્ધતિથી ભરવામાં ના આવે ત્યાં સુધી વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યમાં વિક્ષેપ ઉભો ન થાય તે હેતુથી જ્ઞાન સહાયક શિક્ષકોની કરાર આધારિત નિમણૂંક કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉપરાંત વિદ્યાર્થીઓનો શારીરિક અને માનસિક વિકાસ યોગ્ય રીતે થઈ શકે તે માટે શાળાઓમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓને રમત-ગમત અને ખેલકૂદ માટે તૈયાર કરવાના હેતુથી ખેલ સહાયક યોજના અમલમાં મૂકવા માટે નિર્ણય કરવામાં આવેલ છે.

રાજ્યની સરકારી અને અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ખાસ કરીને 'મિશન સ્કૂલ્સ ઓફ એકસલન્સ' માં પસંદ થયેલ શાળાઓમાં ધોરણ દીઠ શિક્ષક ઉપલબ્ધ થઈ શકે તે હેતુથી ઉપલબ્ધ ખાલી જગ્યા ઉપર કરાર આધારિત 'જ્ઞાન સહાયક' મૂકવા માટે નિર્ણય કરવામાં આવેલ છે. આ માટે પ્રાથમિક શાળાઓમાં ૧૫૦૦૦ અને માધ્યમક અને ઉચ્ચત્તર માધ્યમક શાળાઓ માટે ૧૧૫૦૦ જ્ઞાન સહાયકની કરાર આધારિત નિમણૂંક કરવામાં આવશે. કરાર આધારિત નિમણૂંક મેળવેલ પ્રાથમિક વિભાગના જ્ઞાન સહાયકને ૨૧૦૦૦ માધ્યમક વિભાગ માટે ૨૪૦૦૦ અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ માટે રૂપિયા ૨૬૦૦૦ ઉચ્ચક માનદ વેતન આપવામાં આવશે. રાજ્યની ૩૦૦ કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમક શાળાઓમાં અંદાજે ૫૦૭૫ ખેલ સહાયકની કરાર આધારિત નિમણૂંક કરવામાં આવશે. કરાર આધારિત નિમણૂંક મેળવેલ ઉમેદવારોને ૨૧૦૦૦ ઉચ્ચક માનદ વેતન આપવામાં આવશે. જ્ઞાન સહાયક તરીકે કરાર આધારિત નિમણૂંક મેળવવા પ્રાથમિક વિભાગ માટે TET-2 પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ ઉમેદવારો, માધ્યમિક વિભાગ માટે TAT (માધ્યમિક) અને ઉચ્ચત્તર માધ્યમક વિભાગ માટે TAT (ઉચ્ચત્તર માધ્યમિક) પરીક્ષામાં ઉતર્ણ થયેલ ઉમેદવારો અરજી કરી શકશે. અરજી કરનાર અરજદારોએ સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ શાળાઓની યાદી પૈકી તેઓ કઈ શાળામાં 'જ્ઞાન સહાયક' તરીકે કામગીરી કરવા ઈચ્છે છે તેની પસંદગી ઓનલાઈન કરવાની રહેશે અને Merit cum Preference મુજબ શાળાવાર જ્ઞાન સહાયકની યાદી તૈયાર કરી સંધિત જિલ્લાના અધિકારીઓને મોકલી આપવામાં આવશે.

### રખડતાં ઢોર મુદ્દે ગુજરાત હાઇકોર્ટમાં સુનાવણી થઈ

# ગુજરાત હાઈકોર્ટે AMC અને રાજ્ય સરકારનો ઉધડો લીધો

## રખડતા ઢોરના લીધે લોકોના મોત થતા હોવાથી સરકારને તેની દરકાર છે કે નહીં: હાઈકોર્ટ

અમદાવાદ, તા.૧૧

ગુજરાતમાં રખડતાં ઢોરનો મુદ્દો વિકટ બની રહ્યો છે, રખડતા ઢોરના ત્રાસથી જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે. તો બીજી બાજુ તંત્ર આ બાબતને લઈને મૌન સેવી રહ્યું છે.

ત્યારે રસ્તા પર ફરતા પશુઓના કારણે વાહનચાલકો, રાહદારીઓ અને નાના બાળકોથી લઈને વૃદ્ધો સતત તેનો ભોગ બની રહ્યાં છે.

છેલ્લા કેટલાય સમયથી રાજ્યમાં ક્યાંક ને ક્યાંક કોઈનું આ રખડતા ઢોરના કારણે મૃત્યુ થાય છે. ત્યારે આ મામલે ગુજરાત હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. ગુજરાત હાઈકોર્ટે રખડતા પશુની સમસ્યા ઉકેલવા ગંભીરતાથી કામ કરવા સરકારને ટકોર કરી છે.

રખડતાં ઢોર મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી થઈ છે. ગુજરાત હાઈકોર્ટે AMC અને રાજ્ય સરકારનો બરાબરનો ઉધડો લીધો છે.

હાઈકોર્ટે જણાવ્યું કે, રખડતા ઢોરના લીધે લોકોના મોત થતા હોવાથી સરકારને તેની દરકાર છે કે નહીં. તાજેતરમાં દેહગામમાં રખડતા ઢોરના લીધે ૮૩ વર્ષીય વિધવા મહિલાની પોતાની ૫૬ વર્ષીય દીકરી મોતને ભેટી હતી.

તેમાં નગરપાલિકાના ચીફ ઓફિસરને વળતર ચૂકવવા અરજી કરેલ તે વળતર ના મળતા ગુજરાત હાઈકોર્ટે વળતર ચૂકવવા આદેશ કર્યો છે.રાજ્ય સરકારે રખડતાં ઢોરના ત્રાસને અટકાવવા નવી ગાઈડલાઈન બનાવવા અંગે બાહેંધરી આપી હતી.

એટલું જ નહીં, રાજ્ય સરકાર જે ગાઈડ લાઈન બનાવે તે રાજ્યની તમામ લોકલ બોડીએ પાલન કરવાની રહેશે. કોર્પોરેશનને બનાવેલી પોલીસી સ્ટેન્ડિંગ કમિટીએ પરત મોકલતા હાઈકોર્ટ સ્ટેન્ડિંગ કમિટીનો પણ ઉધડો લીધો હતો.

હાઈકોર્ટના હુકમો બાદ પણ સમસ્યા યથાવત હોવાનું HCએ નોંધ્યું હતું. રસ્તાઓની ક્લોલિટીમાં પણ ઉણપ હોવાની રજુઆત કરાઈ હતી. ઢોરના હુમલાથી થતા મૃત્યુ અંગે હાઈકોર્ટે ચિંતા વ્યક્ત કરી. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, નાગરિકોની સુરક્ષા એ રાજ્યની પ્રથમ જવાબદારી બને છે.

૧૫૬ પાલિકા, ૮ મનપામાં ઢોરને નાથવા જરૂરી હોવાનું નોંધ્યું છે. રોંગ સાઈડ પર ચાલતા વાહનો સામે કાર્યવાહીનો નિર્દેશ આપ્યો છે. હવે ૧૮ જુલાઈના રોજ વધુ સુનાવણી હાથ ધરાશે.

### ભારતીય શેરબજાર માટે મંગળવાર મંગળમ રહ્યો

# સેન્સેક્સમાં ૨૭૪ પોઈન્ટનો ઊછાળો, રોકાણકારોની સંપત્તી ૩૦૦ લાખ કરોડને પાર

મુંબઈ, તા.૧૧

ભારતીય શેરબજાર માટે સપ્તાહનો બીજો અને મંગળવારનો દિવસ મંગળમય સાબિત થયો. આજે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીનો શેર ઓલ ટાઈમ હાઈ પહોંચ્યો હતો. સેન્સેક્સમાં આજે આવેલા ઉછાળાના કારણે રોકાણકારોની સંપત્તિ ફરી ૩૦૦ લાખ કરોડને પાર પહોંચી છે.

ભારતીય શેરબજારનો સૂચકાંક સેન્સેક્સ ૨૭૩.૬૭ પોઈન્ટના વધારા સાથે ૬૫૬૧૭.૮૪ પોઈન્ટ અને નિફ્ટી ૮૩.૫ પોઈન્ટના વધારા સાથે ૧૯૪૩૯.૪૦ પોઈન્ટ પર બંધ રહ્યા.

આજના કારોબારમાં મિડકેપ અને સ્મોલકેપ શેરમાં શાનદાર વધારો થયો. ઓટો, એફએમસીજી અને એનર્જી સેક્ટરના શેર્સમાં ખરીદીના કારણે બજારમાં તેજી જોવા મળી. રિલાયન્સના શેરમાં સતત બીજા કારોબારી દિવસે ખરીદી નીકળતાં શેર ઓલટાઈમ હાઈ પર પહોંચ્યો હતો.

આજે ૧૮૯૨ શેર વધ્યા, ૧૪૯૬ શેર ઘટ્યા અને ૧૧૭ શેરમાં કોઈ બદલાવ થયો નહોતો. નિફ્ટીના ટોચના વધનારા શેસમાં સન ફાર્મા, આઈશર મોટર્સ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, અપોલો હોસ્પિટલ્સ એન્ટરપ્રાઈઝ અને મારુતિ સુઝુકી હતી. જ્યારે યુપીએલ, જેએસડબલ્યુ સ્ટીલ, બજાજ ફાયનાન્સ, એક્સિક બેંક, એચસીએલ ટેકનોલોજી ઘટનારા શેર હતા. મેટર અને પીએસયુ બેંક સહિત તમામ સેક્ટર લીલા નિશાનમાં બંધ થયા. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપમાં ૧ ટકા જેટલો વધારો થયો.

આજના કારોબારી દિવસના અંતે બજાર વધારા સાથે બંધ થવાથી રોકાણકારોની સંપત્તિ ૩૦૧.૩૪ લાખ કરોડ છે, જે ગઈકાલે ૨૯૯.૬૦ લાખ કરોડ રૂપિયા હતી. એટલેકે રોકાણકારોની સંપત્તિમાં ૧.૭૪ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે. ગુરુવારે માર્કેટ કેપ ૨૯૯.૬૮ લાખ કરોડ હતી.

આજના કારોબારમાં ઓટો, આઈટી, એફએમસીજી, ફાર્મા, એનર્જી ઈન્ફ્રા, હેલ્થકેર, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના શેરમાં શાનદાર ખરીદી જોવા મળી છે. જ્યારે બેક્કિંગ સેક્ટરના શેરોમાં પ્રોફિટ બુકિંગ જોવા મળી રહ્યું છે.

મિડ-કેપ અને સ્મોલ-કેપ ઈન્ડેક્સ શેરોમાં જબરદસ્ત ખરીદીનો દોર જોવા મળ્યો હતો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૯ વધ્યા અને ૧૧ નુકસાન સાથે બંધ થયા, જ્યારે નિફ્ટીના ૫૦માંથી ૩૫ શેરો ઉછાળા સાથે અને ૧૫ નુકસાન સાથે બંધ થયા. આજના કારોબારમાં બીએસઈ સેન્સેક્સ ૨૫૪.૪૮ પોઈન્ટ એટલે કે ૦.૩૯ ટકાના વધારા સાથે ૬૫,૫૯૮.૬૫ ના સ્તર પર અને એનએસઈનો નિફ્ટી ૭૧.૨૦ પોઈન્ટ એટલે કે ૦.૩૭ ટકાના વધારા સાથે ૧૯,૪૨૭.૧૦ પર ખુલ્યો હતો.

### સુપ્રીમ કોર્ટમાંથી કેજરીવાલને વધુ એક રાહત

# એનજીટીના આદેશ પર સુપ્રીમની રોક, એલજીને મોટો ઝટકો

## આપ સરકારે એનજીટીના આદેશ પર તાત્કાલિક રોક લગાવવાની માંગ કરી હતી

નવી દિલ્હી, તા.૧૧

સુપ્રીમ કોર્ટે વધુ એક કેસમાં અરવિંદ કેજરીવાલ સરકારને રાહત આપતા એલજી વીકે સક્સેનાને ઝટકો લાગ્યો છે.

સુપ્રીમ કોર્ટે લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાને યમુના કાયાકલ્પ પ્રોજેક્ટ પર ઉચ્ચ સ્તરીય સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવાના એનજીટીના આદેશ પર રોક લગાવી દીધી હતી. કેજરીવાલ સરકારે એનજીટીના આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.આમ આદમી પાર્ટીની સરકારે એનજીટીના આદેશ પર તાત્કાલિક રોક લગાવવાની માંગ કરી હતી અને કહ્યું હતું કે તેનાથી બે સત્તાવાળાઓ વચ્ચે વધુ સંઘર્ષ થશે.

ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા ડી વાય ચંદ્રચુડ અને જસ્ટિસ પીએસ નરસિમ્હાએ કેજરીવાલ સરકારની અરજી પર વચગાળાનો આદેશ આપતાં એનજીટીના નિર્ણય પર રોક લગાવી દીધી હતી. સંક્ષિપ્ત સુનાવણીમાં કોર્ટે સ્પષ્ટ કર્યુ કે તે એનજીટીના ૯ જાન્યુઆરીના આદેશના તે ભાગ પર જ સ્ટે મૂકી રહી છે જેમાં એલજીને યમુના પેનલના વડા તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

### નાગૌરનું જીરું ફરી એકવાર ચર્ચાનો વિષય બન્યું છે

# જીરું ફરી એકવાર રૂ.૬૨૦૦૦ પ્રતિ ક્વિન્ટલ સુધી વેચાયું છે

નવી દિલ્હી, તા.૧૧

નાગૌર જીરું એક એવો પાક છે જે નાગૌરને દુનિયામાં એક અલગ ઓળખ આપે છે. કારણ કે નાગૌરનું જીરું તેની ગુણવત્તા, સ્વાદ અને સુગંધને કારણે વિશ્વમાં પ્રખ્યાત છે. જીરૂની દ્દષ્ટિએ ખેડૂતો માટે આ ગત વર્ષ ખૂબ જ ખુશનુમા રહ્યું છે.

વાસ્તવમાં આ વખતે જીરાનો સરેરાશ ભાવ રૂ.૪૦,૦૦૦ની નજીક રહ્યો છે. નાગૌરનું જીરું ફરી એકવાર ચર્ચાનો વિષય બન્યું છે. વાસ્તવમાં આ જીરું ફરી એકવાર રૂ.૬૨૦૦૦ પ્રતિ ક્વિન્ટલ સુધી વેચાયું છે.

ચાર દિવસ પહેલા આ જીરૂ રૂ.૫૮૦૦૦ હતું. ચાર દિવસમાં જીરું રૂ.૬૨૦૦૦ પ્રતિ ક્વિન્ટલ થઈ ગયું છે. આ જ લઘુત્તમ ભાવ ૫૦૦૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ છે.

આ વર્ષે ઘણા રાજ્યો અને દેશોમાં જીરાનો પાક બરબાદ થયો છે. તો બીજી તરફ નાગૌરના પાકને આ વખતે ઓછું નુકસાન થયું છે.

જેની બજારમાં સતત માંગ રહે છે. આ વર્ષે જીરાની સુગંધ ખેડૂતોને પસંદ આવી રહી છે.કારણ કે આ વખતે ખેડૂતોને જીરાના પાકના ખૂબ સારા ભાવ મળી રહ્યા છે.નાગૌર અને મેર્તા મંડીમાં જીરાના ભાવમાં હંમેશા તફાવત જોવા મળે છે.

મેર્તા મંડી તેની ઊંચી કિંમતો માટે જાણીતી છે. મેર્તા મંડીમાં, જીરુંનો મહત્તમ જથ્થો રૂ. ૬૨,૦૦૦ હતો, જ્યારે લઘુત્તમ રૂ. ૫૦,૦૦૦ હતો. જ્યારે નાગૌર મંડીમાં મહત્તમ ભાવ રૂ. ૬૦,૦૦૦ હતો, જ્યારે લઘુત્તમ ભાવ રૂ. ૪૫,૦૦૦ પ્રતિ ક્વિન્ટલ હતો.

### નેતાની ઓફિસમાં ફોન કરીને ધમકી અપાઈ

# મહારાષ્ટ્રના નેતા છગન ભૂજબળને જાનથી મારી નાખવાની ધમકી

## પોલીસે આ કેસમાં એક શખ્સની ધરપકડ કરી, ભુજબળની સુરક્ષા પણ વધારી દેવામાં આવી

મુંબઈ, તા.૧૧

મહારાષ્ટ્ર સરકારના મંત્રી અને અજીત કેમ્પના નેતા છગન ભુજબળને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. તેમની ઓફિસમાં ફોન કરીને આ ધમકી આપવામાં આવી હતી.

ધમકી આપનાર વ્યક્તિએ ભુજબળની ઓફિસે ફોન કરીને કહ્યું કે તેને ભુજબળને મારી નાખવાના આદેશ મળ્યા છે. પોલીસે આ કેસમાં એક શખ્સની ધરપકડ કરી છે.

સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ભુજબળની ઓફિસમાં હાજર પીએએ ધમકીનો ફોન રિસીવ કર્યો હતો. આ દરમિયાન ધમકી આપનાર વ્યક્તિએ કહ્યું કે તેને ભુજબળને મારી નાખવાના આદેશ મળ્યા છે. ભુજબળની ઓફિસમાંથી મળેલી ફરિયાદના આધારે ક્રાઈમ બ્રાન્ચે તપાસ શરૂ કરી હતી જેના બાદ પોલીસે પ્રશાંત પાટીલની મહાડ, પુણેથી ધરપકડ કરી હતી.

સ્થાનિક માહિતી પ્રમાણે આરોપી કોલ્હાપુરનો રહેવાસી છે અને નાશિકથી પૂણે જતી વખતે તેણે ભુજબળની ઓફિસમાં ફોન કરીને ધમકી આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર જ્યારે તેણે ફોન કર્યો ત્યારે તે દારૂના નશામાં હતો.

આ ધમકી મળતા જ ભુજબળ અને તેમની ઓફિસની સુરક્ષા પણ વધારી દેવામાં આવી છે. ડીસીપી અમોલ જેંડેએ પ્રશાંત પાટીલની ધરપકડની પુષ્ટિ કરી છે. એનસીપી નેતા અજિત પવારે ૨ જુલાઈના રોજ તેમના કાકા શરદ પવાર સામે બળવો કર્યો અને મહારાષ્ટ્રની એકનાથ શિંદે સરકારમાં નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. આ દરમિયાન તેમની સાથે છગન ભુજબળ સહિત ૮ ધારાસભ્યોએ શપથ લીધા હતા. આ પછી એનસીપીને લઈને અજિત પવાર અને શરદ પવાર વચ્ચે તકરાર ચાલી રહી છે.

બંને પક્ષોએ પોતાને વાસ્તવિક એનસીપી હોવાનો દાવો કર્યો છે. અજિત પવારનો દાવો છે કે તેમની પાસે એનસીપીના ૫૩માંથી

### ગીર સોમનાથ જિલ્લામાં રાનીપશુઓના હાહાકારથી ફફડાટ

# ગીર ગઢડામાં હુમલો કરી આંતક મચાવનાર દીપડાઓનું વન વિભાગ દ્વારા કરાયુ દિલધડક રેસ્કયુ

### આક્રમક બનેલ દીપડાએ અચાનક જ વન વિભાગનાં અધિકારી ઉપર પણ કર્યો હુમલો


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૧

ગીર ગઢડા ના સુખનાથ ચોક નજીકના રહેણાંકીય મકાનના ભાગે માતા પુત્ર અને વન કર્મી પર હુમલો કરનાર બે દીપડાઓ રહેણાંક મકાનમાં ઘૂસી જતા વન વિભાગ દ્વારાટેંન્ક્યુલાઈઝ કરી પાંજરે પુરવામાં આવ્યા હતા.

ગીર સોમનાથ જિલ્લામાં વન્ય પ્રાણીઓનો આંતક સતત વધી રહ્યો છે ત્યારે એક અઠવાડિયા પૂર્વે કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામે વૃદ્ધ મહિલા પર દીપડાએ હુમલો કરતા મોત નીપજયું હતું જેની હજુ શાહી સુકાણી નથી ત્યાં ગીર ગઢડાના સુખનાથ ચોકમાં રહેતા કમલેશભાઈ ચાંદરાણીના પત્ની અને પુત્ર સવારના સમયે ઘરની અગાસી પરના ભાગે પાણીના ટાંકામાં પાણી જોવા ગયેલ

અનુસંધાન પાના ૬ ઉપર

## ગીરગઢડા ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ અનિલભાઈ વિઠ્ઠલાણીએ વનતંત્રની કાર્યવાહી અંગે કટાક્ષ કર્યો

ઉના, તા. ૧૧

ગીર ગઢડા લોહાણા મહાજનના સભ્ય અને ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ અનિલભાઈ વિઠ્ઠલાણી દ્વારા જણાવાયું હતું કે મેઈનબજાર જેવા વિસ્તારમાં આવેલ કમલેશભાઈ ગોકળદાસ ચાંદરાણી પરિવારના ઘરની ઉપરના ભાગે સવારના સમયે દીપડો આવી ચડેલ હોય અને કમલેશભાઈના પત્ની અલ્કાબેન અને રિશિત સવારના સમયે પાણીનો ટાંકો જોવા ગયેલ હોય અને અચાનક દીપડો આવી ગયેલ હોય અને રિશિત પર હુમલો કરેલ હોય ત્યારે બૂમા બૂમ કરતા માતા અલ્કાબેન બચાવવા જતા તેમના પર પણ હુમલો કરેલ હોય અને બુમાં બૂમ કરતા રાજુભાઈ વાઘાભાઈ વાઘેલા નામનો વ્યકિત બૂમો સાંભળી જતા અગાસી પર દોડી રિશિત અને અલ્કાબેનને બચાવેલ હોય અને દીપડાઓ ગામમાં ઘૂસી ગયા હોવાની વન વિભાગને સવારના ૭:૩૦ કલાકે જાણ કરવામાં આવી હોવા છતા જશાધાર રેન્જ વન વિભાગના અધિકારીઓ ઊંઘતા રહ્યા હતા અને ૩ કલાક બાદ ૧૦ વાગ્યે આવેલ હતા.

### જર, જમીન ને જોરુ એ ત્રણે કજિયાનાં છોરું

# ઉનાનાં ભાચા ગામે પતિએ રહેણાકીય પ્લોટ વહેંચી નાખતા પત્ની અને પુત્રએ કર્યો હુમલો

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

ઉના, તા. ૧૧

ઉનાના ભાચા ગામે જુના પ્લોટ વિસ્તારમાં રહેતા રવજીભાઈ અરજણભાઈ સાખટના પિતાનો રહેણાંકીય પ્લોટ હોય જે પ્લોટ

અનુસંધાન પાના ૬ ઉપર

### માનવ અધિકાર કાર્યકર્તા કાંતિલાલ પરમારે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# અમરેલીમાં છેલ્લા ર વર્ષથી બંધ થયેલ ડો. બાબાસાહેબ આંબેડકર સરકારી કુમાર છાત્રાલય શરૂ કરવા માંગ

### અનુ.જાતિ, અનુ.જનજાતિ અને ઓબીસી સમાજના બાળકોના હિતમાં રજુઆત કરી

અમરેલી, તા. ૧૧

અમરેલી શહેરમાં સાવરકુંડલા રોડ પર આવેલ છેલ્લા બે વર્ષથી બંધ ડો.બાબા સાહેબ આંબેડકર સરકારી કુમાર છાત્રાલય શરૂ કરવા માનવ અધિકાર કાર્યકર્તા કાંતિલાલ પરમારે રાજયના મુખ્યમંત્રી સમક્ષ માંગણી કરી છે.



હાલ અમરેલી શહેરમા આવેલ ડો. બાબાસાહેબ આંબેડકર કુમાર છાત્રાલય ખંઢેર, અને જર્જરિત બિલ્ડીંગ પડુપડુ હાલતમાં આવેલી છે

અનુસંધાન પાના ૬ ઉપર

### સાંસદ કાછડીયાની કેન્દ્રીય મંત્રી તેમજ ઈફ્કો ચેરમેનને રજૂઆત

# અમરેલી લોકસભા વિસ્તારનાં ખેડૂતોને યુરિયા ખાતરની પુરતી ફાળવણી કરો

### મનસુખ માંડવીયા અને દિલીપ સંઘાણીએ યોગ્ય કરવા ખાત્રી આપી


અમરેલી, તા. ૧૧

અમરેલી સંસદીય વિસ્તારના ખેડૂતોને પુરતું અને જરૂરિયાત મુજબનું યુરિયા ખાતર મળી રહે તે માટે સાંસદ નારણભાઈ કાછડીયાએ કેન્દ્રીય કેમિકલ અને ફર્ટિલાઝર મંત્રી મનસુખભાઈ માંડવીયા અને ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણીને ટેલીફોનીક રજૂઆત કરેલ.

સાંસદે કરેલ રજૂઆત મુજબ કુદરતની મ્હેરથી સમગ્ર અમરેલી સંસદીય વિસ્તારમાં સારો એવો વરસાદ પડેલ છે. પરંતુ અમરેલી વિસ્તારના ખેડૂતો દ્વારા કરવામાં આવેલ વાવણી અંતર્ગત હજુ પાકો ઉગ્યા જ છે. ત્યાં પાકમાં પાણી લાગવાથી ખેડૂતોમાં યુરિયા ખાતરની ભારે માંગ ઉભી થવા પામેલ છે. તેથી અમરેલી સંસદીય વિસ્તારના ખેડૂતોને તેઓની માંગણી અન્વયે જરૂરિયાત મુજબનું પુરતું યુરિયા ખાતર મળી રહે તે માટે કેન્દ્રીય મંત્રી તેમજ ગુજકોમાસોલના ચેરમેનને

અનુસંધાન પાના ૬ ઉપર

# કુદરતનો અદ્‌ભૂત નજારો




હાલ મેઘરાજા મન મૂકીને અનરાધાર વરસી રહયા છે. ધરતી ઉપર લીલીછમ વનરાજી પુરબહાર ખીલી ઉઠી છે ત્યારે પ્રસ્તૃત નયનરમ્ય તસ્વીર જોતા લાગે છે કે કુદરત દ્વારા જાણે કે અનુપમ સૌંદર્યના દર્શન કરાવેલ છે.

### સરકારી કચેરીઓ અસલામત બની

# અમરેલી જિલ્લા માહિતી કચેરીની તિજોરીમાંથી કેમેરાની ચોરી થઈ

### નાયબ માહિતી નિયામકે પોલીસ ફરિયાદ નોંધાવી

અમરેલી, તા. ૧૧

અમરેલીનાં રાજમહેલ કમ્પાઉન્ડમાં જુના માર્કેટયાર્ડ સામે આવેલ જિલ્લા માહિતી કચેરીમાં ગઈકાલ સાંજથી આજે સવાર સુધીના સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યા તસ્કરે માહિતી કચેરીનું પાછળનું બારણું તોડી, કચેરીમાં પ્રવેશ કરી કચેરીનાં રૂમમાં પડેલ લોખંડની તિજોરી ખોલી તેમાં રહેલ ફોટોગ્રાફી માટેનો કેમેરો જેની કિંમત રૂા. ૫૬૪૦૦નો ચોરી કરી લઈ ગયાની ફરિયાદ અમરેલીનાં નાયબ માહિતી નિયામક છાટબારે અમરેલી સીટી પોલીસમાં નોંધાવતા પોલીસે બનાવ અંગે જીણવટભરી તપાસ હાથ ધરી છે.

### પાણીનું વેણ બદલાતાં માર્ગમાં ગાબડા પડતા જનતા પરેશાન

# વડિયાનાં બાંટવા દેવળીથી ચારણીયા જતાં માર્ગમાં પેશકદમીથી ગટર બ્લોક થતાં ગ્રામજનોમાં રોષ

### એક ખેડૂતની પેશકદમીએ આખા ગામને હિલોળે ચડાવ્યું



વડિયા, તા. ૧૧

વડિયાના રાજકોટ જિલ્લાના સરહદી ગામ એવા બાંટવા દેવળી ગામથી પશ્ચિમ બાજુ ચારણિયા અને સ્ટેશન વાવડી ગામ જવાના રસ્તે આ રસ્તે આગળઉપરવાસના વરસાદના પાણીનો નિકાલ એક મોટી ગટર દ્વારા કરવામાં આવતો હતો. જે પાણી વડિયા અમરનગર રોડ પર આવેલી બેઠી ધાબી પરથી પસાર હતું. હાલ આ રસ્તાની ગટરની બાજુમાં આવેલી દેવજીભાઈ સવજીભાઈ મોવાલીયાની જમીનમાં તેઓએ આ ગટર બાજુ પેસકદમી કરી આ ગટરમાં માટી, મોરમ અને ટાંચ નાખી ગટર બૂરતાં વરસાદી પાણીના નિકાલનો પ્રશ્ન સમગ્ર વિસ્તારના ખેડૂતોને માટે ઉપસ્થિત થયો છે. અને આ વરસાદી પાણી વેણ બદલીને રસ્તા પરથી ક્રોસ થતા આ વિસ્તારનો રસ્તો ધોવાતા હાલ અકસ્માત સંભવ ક્ષેત્ર બની ચૂકયો છે. અને તે રસ્તાના ગાબડાં જોતા તેના પરથી પસાર થવું પણ જોખમી બન્યું છે. બીજી બાજુ આ ખેડૂતે વડિયા અમરનગર રોડ પર પણ પોતાની દુકાનોથી દબાણ કરી આ વિસ્તારના ખેડૂતોને પોતાના ખેતરે ગાળા, ટ્રેકટર, સાતી લઈ જવામાં મુશ્કેલી પડતી હોય બાંટવા દેવળી ગામના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વડિયા મામલતદારને આ બાબતે યોગ્ય પગલા લેવા આવેદનપત્ર આપી માંગણી કરવામાં આવી છે. એક ખેડૂતની પેશકદમીથી સમગ્ર ગામને પરેશાની થતી હોય તેવી અજુકિત ઘટના સામે આવતી જોવા મળી છે. ત્યારે સમગ્ર ગામ એક ખેડૂતના કારણે ચકડોળે ચડતું હોય તેવું લાગી રહ્યું છે. આ બાબતની લેખિત જાણ પ્રાંત અધિકારી અને કલેકટરને પણ કરવામાં આવી છે. હવે જોવાનું એ રહ્યું કે આવનાર સમયમાં આ લોકોની સમસ્યા દૂર કરવા એકશન મોડમાં આવે છે કે પછી રસ્તાનું વધુ ધોવાણ થાય છે.

### ઉનાનાં એલમપુર ગામે હડકાયા શ્વાનનો આતંક

# શ્વાનને હડકવા ઉપડતા ત્રણ વ્યકિતઓને ઈજા

### તમામ ઈજાગ્રસ્તને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૧

ઉનાના એલમપુર ગામે હડકાયા શ્વાનએ આતંક મચાવતા

અનુસંધાન પાના ૬ ઉપર




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)